Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ-સંચાલિત

વર્ષ ૩૧ મું
અંક ૮ મો
સં. ૨૦૪૯
સન ૧૯૯૩
મે

પથિક

તંત્રી-મંડળ :
ડૉ. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]
આદ્ય તંત્રી: સ્વ. માનસંગજી બારડ

ઇતિહાસની આરસીમાં

17. યદુ :

પૂરુવંશ કિંવા પૌરવોમાં ધૃતરાષ્ટ્ર એક એવી સંજ્ઞા છે કે જેનો વૈદિક સાહિત્યમાં નિર્દેશ થયેલો છે. આ પછી આપણે યયાતિના બીજા એક પુત્ર 'યદુ' વિશે કાંઈ માહિતી મળતી હોય તો એ જાણવાનો પ્રયત્ન કરિયે. હકીકતમાં વૈદિક સાહિત્યમાં 'યદુ' સંજ્ઞા જાણીતી છે. ઋગ્વેદમાં અનેક વાર (1–36–18, 1–54–6, 15–74–9, 4–30–17, 5–13–8, 6–45–1, 8–4–7, 8–7–18, 8–9–14, 8–10–5, 8–45–27, 9–61–2, 10–49–8; બ. વ-મા 1–108–8) મોટે ભાગે 'તુર્વશ' સાથે જોવા મળે છે. યદુઓએ સુદાસની સામેના યુદ્ધમાં ભાગ લીધો હતો. આ યુદ્ધમાં યદુઓ અને તુર્વશો ભાગી છૂટ્યા હતા, જ્યારે અનુઓ અને દ્રુહ્યુઓ માર્યા ગયા હતા. આ બધા જ તે તે કુળના રાજવીઓ હતા એ ધ્યાનમાં રાખવા જેવું છે.

આશ્ચર્ય માત્ર એ છે કે પુરાણોમાં યયાતિના પાંચ પુત્રો તરીકે અનેક રીતે નિરૂપાયેલાઓમાંના એક તરીકેનો વૈદિક સાહિત્યનો યદુનો એકવચને પણ યયાતિની પરંપરામાં ઉલ્લેખ થયો નથી. પુરાણોમાં એ પાંચે ચંદ્રવંશીય પરંપરામાં બતાવવામાં આવેલા છે. આતાંના યદુથી 'યદુવંશ' કિંવા વિશાળ 'યાદવકુલ' મથુરા પ્રદેશમાં નિરૂપાયેલ છે ને પછીથી સૌરાષ્ટ્રમાં દ્વારકાના પ્રદેશમાં વિકસ્યું.

18. દેવકીપુત્ર કૃષ્ણ :

યદુવંશની સાત્વત શાખાના વૃષ્ણિના વંશમાં થયેલા વસુદેવની પત્ની દેવકીના પુત્ર તરીકે પુરાણોમાં 'કૃષ્ણ' ખૂબ વ્યાપક છે; પણ વૈદિક સાહિત્યમાં તો છેક છાંદોગ્યોપનિષદમાં જ સુલભ છે (3–17–6). કૌષીતકિ બ્રાહ્મણ (30–9)માં 'કૃષ્ણ આંગિરસ' જાણવામાં આવે છે. એ ઋગ્વેદનું એક સૂક્ત (8–85–3, 4)માં એક ઋષિ તરીકે જોવા મળે છે. એના પુત્ર વિશ્વક કે ખુદ કૃષ્ણને એ પછીના 86મા સૂક્તના કર્તા ('કાર્ષ્ણિ') તરીકે જોવા મળે છે. બીજાં બે સૂક્તો (1–116 અને 117)માં **કાર્ષ્ણિય** તરીકે સૂચિત છે. આમાં જોવા મળતું કૃષ્ણ નામ કૌષીતકિ બ્રાહ્મણનાં 'કૃષ્ણ આંગિરસ' સાથે એકાત્મક હોય એમ લાગે છે. મઝા એ છે કે છાંદોગ્યોપનિષદમાં 'કૃષ્ણ દેવકીપુત્ર' એ 'ઘોર આંગિરસ'ના શિષ્ય તરીકે સૂચિત થયેલ છે. યુરોપીય વિદ્વાનો—ગ્રિયર્સન ગાર્બે શ્રોએદર વગેરે વિદ્વાનો—આ દેવકીપુત્ર કૃષ્ણ જ દેવત્વ (ઈશ્વરત્વ) પામ્યા એવો મત ધરાવે છે. 'કૃષ્ણ આંગિરસ' સંજ્ઞા ગુરુની 'આંગિરસ' સંજ્ઞાથી ગુરુ-શિષ્યની પરંપરામાં માત્ર છે કે એ કૃષ્ણ 'આંગિરસ ગોત્ર'ના હતા. એ એક ગૂંચવણ વિચાર માંગી લે છે. ઉપનિષદ 'દેવકીપુત્ર' કહીને યદુ-સાત્વત-વૃષ્ણિ કુળના પુરાણમાન્ય અવતારી ભગવાન કૃષ્ણ છે એનો કાંઈક અણસાર આપે છે. પિતાનું નામ ન હોવાને કારણે સો ટકા નિર્ણય પર આવી શકાય નહિ, છતાં 'દેવકીપુત્ર' સંજ્ઞા એવી છે કે આપણને પૌરાણિક ભગવાન કૃષ્ણ સાથે એ એકાત્મકતા સાધવામાં સહાયક બને છે. આ કૃષ્ણ ઉપનિષદમાં અધ્યાપક તરીકે જોવા મળે છે, બેશક, એક ક્ષત્રિય તરીકે. હકીકતે આ દેવકીપુત્ર કૃષ્ણ ઋગ્વેદના સૂક્તકાર કૃષ્ણ તો નથી જ. —તંત્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

5 મું પ્રકરણ વ્યવસાયમાં પડેલા સજ્જનો વિશે, 6ઠ્ઠું પ્રકરણ એ કોમાં તથા અન્ય સે... સેવા આપનારા સજ્જનો વિશે, 7 મું પ્રકરણ ટેલિફોન-ધારકો વિશે, 8 મું પ્રકરણ ન... વિ. કા. સહકારી મંડળીઓ વિશે, 9 મું પ્રકરણ નવા વાડજના વિકોસોના પ્રવાસે ... ભાઈઓ વિશે અને છેલ્લું 10 મું પ્રકરણ 'વાડજના ભરવાડોની વિશિષ્ટતાઓ' વિશે ... સામાજિક ક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે, વ્યવસાયક્ષેત્રે અને સંગઠનક્ષેત્રે સર કરી લીધેલી વિશિષ્ટતાઓ ... આવી છે. આ ગ્રંથ આમ ઇતિહાસ સાથે સામાજિક વિકાસ મૂર્ત કરી આપે છે. લેખક આ ... અભિનંદનને પાત્ર છે.

2. અણહીલ ભરવાડ : સંપા. અને પ્ર. ઉપર મુજબ; સિન્ગલ ડેમી 8 પેજી પૃ. 8 + 60; તા. 28-1-1993 : વસંતપંચમી, મૂલ્ય અમુદ્રિત.

નાના નાના 21 મુદ્દાઓમાં નિરૂપાયેલા આ નાના પુસ્તકમાં છેલ્લાં ત્રણ મુદ્દાઓમાં અનુક્રમે 'વનરાજ ચાવડો' 'અણહીલ અમર બન્યો' અને અણહીલ ભરવાડ (વાર્તાત્મક, લેખક શ્રી મકનજી પરમાર) નિરૂપાયેલ છે. બાકીના 1 થી 18 મુદ્દાઓ ભરવાડ જ્ઞાતિનાં ઉત્પત્તિ અને ઉત્થાન સાથોસાથ એક જ્ઞાતિ તરીકે કેવી રીતે વિકાસ થયો એનો સિલસિલાબંધ ઇતિહાસ આપે છે. 6 પ્રકરણોમાં નિરૂપતાં મહત્ત્વનાં મુદ્દા 1-ભરવાડ જ્ઞાતિનું વ્યવસ્થિત બંધારણ થયું. સં. 1165, 4-ભરવાડ જ્ઞાતિનો આરંભ અને અણહીલ ભરવાડ, 7-કુમારપાળના વખતમાં ગોપાલકોની સ્થિતિ, 8-13 મુસ્લિમ સલ્તનતોની સમયની મહત્ત્વની ઊથલ-પાથલો તેમ સંઘર્ષો, આખરી જંગ અને થરા તીર્થસ્થાનનો નાશ, એ ખાસ નોંધપાત્ર છે. 17-18માં મુદ્દાઓમાં 'એક જ વડલાની વડવાઈઓ' અને 'આહીર-આભીર-ભરવાડ' એ મથાળે બેઉ ગોપાલક જ્ઞાતિની મૂલમાંની એકાત્મકતા તરફ અંગુલિ-નિર્દેશ કરવામાં આવ્યો છે. 'અણહીલ અમર બન્યો' અને 'અણહીલ ભરવાડ' એ બે પ્રકરણોને બાદ કરતાં પૂર્વનાં ચાર પ્રકરણો શુદ્ધ ઇતિહાસનાં છે અને સંપાદકે એ તારવીને આપવાનો સારો પ્રયત્ન કર્યો છે એ વાંચતાં જ ખ્યાલ આવે છે.

3. સત સ્મરણ : ચારણકવિ લાંગીદાસ મેહડુ-કૃત, સંપા. શ્રી સ્તુદાન રોહડિયા અને ડૉ. અંબાદાન રોહડિયા, પ્ર. શ્રી પ્રવીણદાન હે. ગઢવી, 'શિવમ્', 3 લાખાજીરાજ સોસાયટી, દૂધસાગર માર્ગ, રાજકોટ-360003; કા. 16 પેજી પૃ. 6+55; 1990; કિં. રૂ. 15/-

ચારણકવિ લાંગીદાસ મહેડુના 107 દોહા અનુવાદ અને શબ્દકોશ સાથે આપતાં વિદ્વાન સંપાદકોએ આરંભનાં 19 પૃષ્ઠોમાં કવિનાં જીવન અને કવન વિશે ખોજપૂર્ણ નિરૂપણ આપ્યું છે એનો સમાદર કરતાં આનંદ થાય છે. આ પૂર્વે શ્રી સ્તુદાનજીએ પ્રો. ડૉ. ઈશ્વરલાલ દવેની સાથે લાંગીદાસના ઓખાહરણનું મહત્ત્વનું સંપાદન આપ્યું હતું. એમાં લાંગીદાસનાં જીવન-કવન વિશે વિગતે પરિચય આપ્યો હતો. આ સંપાદનમાં એનો પ્રમાણમાં સંક્ષેપ આપ્યો છે.

ચારણોએ સરસ્વતીની ઉપાસના સતત ચાલુ રાખી હતી અને સેંકડો ગ્રંથોની પ્રાયઃ ડીંગળી બોલીમાં રચનાઓ આપી હતી. આનો સારો એવો સંગ્રહ સૌ. યુનિ.ના ભાષાવિભાગમાં સંગ્રહાઈને રહેલાનાં દર્શન કરવાનો યોગ અમને 1980 ના જાન્યુ-ફેબ્રુ-માર્ચમાં મળ્યો હતો. બળકટ વાણીમાં રચાયેલી આ રચનાઓ જોડકણાં નથી, એમાં કવિત્વની છોળો ઊડતી અનુભવી શકાય છે. આ કવિઓનાં નિરૂપણાત્મક કાવ્યો તેમજ ફૂટકળ દોહાસાહિત્ય વગેરેમાં આપણને કવિપ્રતિભાની ઝાંખી ડગલે ને પગલે થાય છે, તો દૃષ્ટાંતો અને ઉપદેશો પણ એવી રીતે નિરૂપાયેલાં હોય છે કે એ પ્રત્યેક એક એક સુભાષિત બની રહેલ હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાભાર સ્વીકાર

1. વાડજનો વડલો : સચિત્ર : લે. શ્રી સુરાભાઈ પુનાભાઈ ભરવાડ, પ્ર. ગુજરાત ગોપાલ સાહિત્ય સમિતિ, ઠે. ગોપાલધામ, 12/બી/1, નીલકંઠ કોલોની, વેદમંદિર રોડ, કાંકરિયા, અમદાવાદ-380022; સિન્ગલ ડેમી 8 પેજી પૃ. 16+112; તા. 21-8-1892, જન્માષ્ટમી; મૂલ્ય અમુદ્રિત.

ગુજરાતની સુપ્રસિદ્ધ ભરવાડ જ્ઞાતિના સામાજિક અભ્યાસમાં સહાયક થાય એવો આ એકાંગી લાગતો છતાં મહત્ત્વનો સૂચક ગ્રંથ ભરવાડ જ્ઞાતિના આગેવાન શ્રી સુરાભાઈએ તૈયાર કરી આપ્યો છે. હકીકતમાં નવાવાડજમાં આવી વસેલાં ભરવાડ-કુટુંબોની સાથે જૂના વાડજમાંથી થોડે જ દૂર નવું વાડજ કેમ અસ્તિત્વમાં આવ્યું એ બતાવવાનો આ ગ્રંથમાં લેખકનો પ્રયત્ન છે. એક વાક્યખંડ આપણને અતિ સંક્ષેપમાં ઘણું કહી જાય છે; જેમકે

"'વાડજના વડલા'માં કુદરતના કોપથી નવું વાડજ કેમ વસાવ્યું અને જૂના વાડામાં, અરે કાંટા કે થોરની વાડીમાં પોતે અને પશુઓ રહી વાડામાંથી વાડજ કેમ બનાવ્યું તેની વાત છે. એ પછીનો સામાજિક સંસ્કાર, શિક્ષણ અને વ્યવસાય વગેરેમાં ગોપાલક જ્ઞાતિ શૂન્યમાંથી સાત પગથિયાં કેમ ચડતી ગઈ એના આંકડા, હકીકતો અને નામઠામ સહિતનો ઇતિહાસ આવે છે." (પ્રસ્તા. પૃ. 9)

1 લા પ્રકરણમાં (જૂના) વાડજ ગામનો પરિચય જોવા મળે છે. આ ગામ સં. 702 (ઈ. સ. 949)ના ચૈત્ર સુદિ 5 ને રવિવારે 'વીરપુર' નામથી અસ્તિત્વમાં આવ્યું હોવાની માહિતી મળે છે. નવું વાડજ સં. 1922 (ઈ. સ. 1876)ના માઘ સુદિ 5 ને સોમવારે અસ્તિત્વમાં આવ્યું. કારણમાં સાબરમતીના ઘેલા પૂરે જૂના વાડજનો વિનાશ કરી નાખેલો. ગામની થાંભલી બાંધનાર ભરવાડ બ્રાહ્મણ સુથાર કુંભાર અને હરિજન હતા, તો ખાતમુહૂર્તવિધિ કરનાર શ્રી. કુંવરાભાઈ પૂંજાભાઈ ભરવાડ (ગોહિલતર) તથા શ્રી ભલાભાઈ હિંદુભાઈ ભરવાડ ખીંટ હતા. આ નવા ગામે પણ અનેક તડકી-છાંયડી જોઈ હતી, છતાં એ સારી રીતે વિકસી આવ્યું છે. અહીં જ શ્રીરાધાકૃષ્ણ ઠાકર ભરવાડ-મંદિરનો અને નવા વાડજ ગ્રામ-શતાબ્દી મહોત્સવ પણ ઊજવાઈ ગયેલ છે.

આ પ્રકરણમાં જ આગળ 'આશાપલ્લી : આસાવલ અને કર્ણાવતી'નો ઇતિહાસ રજૂ કરી આપે છે, જેમાં પછીથી અમદાવાદ વસ્યું અને એ નગર તે આજનું અમદાવાદ.

બીજું પ્રકરણ 'વસવાટ' અને 'વસ્તી'નો ખ્યાલ આપે છે. પાંચ મહોલ્લા પાટીદારોના થયા અને દક્ષિણે 'ભરવાડવાસ' વિકસ્યો. આ પ્રકરણમાં ભરવાડોનાં સાત કુટુંબ વિકસ્યાં એનો વિસ્તારથી વિગતવાર તે તે કુટુંબના સભ્યોના નામોલ્લેખ સાથે ખ્યાલ આપે છે.

3 જું પ્રકરણ આવી વસેલ ભરવાડ કુટુંબોના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનો સારા વિસ્તારથી ખ્યાલ આપે છે.

4 થું પ્રકરણ છેલ્લાં 50 વર્ષોના ભરવાડ ભાઈઓ-બહેનોના થયેલા શૈક્ષણિક વિકાસનો પરિચય સુલભ કરી આપે છે. આમાં અનેક ક્ષેત્રે તેજસ્વી તારલાઓ પ્રકાશમાં આવ્યા છે એનો સમુચિત ખ્યાલ મેળવવાનું ભાગ્ય મળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની **૧૫** મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અમને મોકલવી.

○ 'પથિક' સર્વોપયોગી વિચાર-ભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

○ પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

○ કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

○ **કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**

○ 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો–અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

○ અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

○ નમૂનાના અંકની નકલ માટે ૪–૫૦ ની ટિકિટો મોકલવી.

મ.ઑ. ડ્રાફ્ટ પત્રો લેખો
પથિક કાર્યાલય, મધુવન, એલિસબ્રિજ, **અમ.**–૩૮૦૦૦૬ એ સ્થળે મોકલો.

આદ્ય તંત્રી : **સ્વ. માનસંગજી બારડ**
તંત્રી–મંડળ ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૩૦/–
ડૉ. કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/–, છૂટક રૂ. ૪/–
૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૩૨] વૈશાખ, સં. ૨૦૪૯ : મે, સને ૧૯૯૩ [અંક ૮

અનુક્રમ

ઇતિહાસની આરસીમાં	તંત્રી	મુખપૃષ્ઠ ૧
સાભાર–સ્વીકાર	,,	,, ૨
બાપાવાળો પાળિયો	શ્રી વીરભદ્રસિંહ સોલંકી	૨
ગુજરાતના ઇતિહાસના મુસ્લિમો લેખકો	ડૉ. ઈશ્વરલાલ ઓઝા	૫
કચ્છનો આદિ માનવ	શ્રી રાજરત્ન ગોસ્વામી	૧૧

વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/– હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઑ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/– થી અને આજીવન સહાયક રૂ. ૩૦૧/– થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ગ્રાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઑ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ વધુ આવતી ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.

લવાજમ પૂરું થાય ત્યારે તરત મોકલવા વિનંતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'બાપાવાળો પાળિયો

(એક ઢંટાયેલો પ્રસંગ)

શ્રી વીરભદ્રસિંહ સોલંકી

સં. ૧૭૭૨ (ઈ. સ. ૧૭૧૬)ની આ વાત છે. મોટી કાંટડી(તા. ગોધરા, જિ. પંચમહાલ)ના રાવળજી જોરાજીના એકના એક દીકરા બાજીજીનાં લગ્ન લેવાયાં હતાં. આખું ગામ, પોતાના પનોતા પુત્ર કે જેને હજી મૂંછનો દોરો હમણાં જ ફૂટયો હતો, તેના લગ્નમાં જુવાનોથી માંડીને વૃદ્ધો થનગની રહ્યા હતા, કારણ કે જાન બીજે ક્યાંય નહિ, ડાકોર પાસેના ઉમરેઠ(તા. આણંદ, જિ. ખેડા)ના ગોહીલ ઉમેદજીના ઘેર જવાની હતી. મોટી કાંટડીથી ઉમેરઠનું અંતર ૩૫ થી ૪૦ કિ.મી. હતું.

કાંટડીના ઉત્સાહી નવલોહિયા જુવાનોએ પોતાના બળદોને આખું વર્ષ ઘી પિવડાવી આવા દિવસ માટે અલમસ્ત બનાવી રાખ્યા હતા. જાન ગાડાંઓમાં નીકળવાની હતી. દરેકે પોતપોતાનાં ગાડાંની ખામીઓ તપાસી સમરાવી દીધી હતી. ગાડાંને શણગારી દીધાં હતાં. રસ્તામાં હોડ બકાવાની હતી, કોણ પહેલું ઉમરેઠ પહોંચે એની.

ત્યારે કેટલાકે પોતાના પાણીદાર ઘોડા તૈયાર કરી દીધા હતા. ઉમેરેઠમાં રાવળજીઓની આબરૂ કોઈ પણ રીતે ન જાય એ જોવા સૌ પોતપોતાની રીતે તૈયાર થતા હતા. જુવાનો અને પ્રૌઢો મૂંછો પર હાથ દેતા કહેતા કે અમે તો કેસરિયા રાવળજી છીએ.

(આ 'કેસરિયા'–એટલે એવું કહેવાય છે કે સભામાં રાવળજીઓ(સોલંકીઓ)ને માથે કેસર ચડાવવામાં આવતું. આ કેસર ખરીદવાનો ખર્ચ અને એ વખતે થતા કસુંબાપાણીનો ખર્ચ સસરા તરફથી આપવામાં આવતો. આ માટે રોકડા રૂપિયામાં ચુકવણી સભામાં થતી. કાલક્રમે લગ્નસમયે જે આ રોકડ રકમ ચૂકવવામાં આવતી તે 'કેસર'ના નામથી ઓળખાવા લાગી. એવું જાણવા મળે છે કે રાજપૂતોમાં ફક્ત રાવળજી સોલંકીમાં જ આ પ્રથાની શરૂઆત થઈ. વર્ષો બાદ બીજા કુળના રાજપૂતોમાં 'કેસર' એટલે કે લગ્નસમયે રોકડ રકમ લેવાનો રિવાજ દાખલ થયો. દિવસે દિવસે જે વરપક્ષ વધુ રકમ દીકરાના પિતા પાસે વસૂલ કરતો તે સમાજમાં મોટો દેખાવા લાગ્યો. આમ શરૂઆતમાં નજીવી રકમ આપવાની શુભ ઈરાદાવાળી પ્રથા આગળ જતાં દીકરીના પિતા માટે મુશ્કેલીના પહાડરૂપ બની ગઈ.)

આમ ગાડાંઓ અને ઘોડાઓ ઉપર જાન મહી નદી ઓળંગી ઉમરેઠ પહોંચી, રસ્તામાં એમના જ ભાઈઓ સોજિત્રા ગાદીના વારસદારો એવા રાવળજીનાં ગામો આવ્યાં ત્યાં ઠેર ઠેર "જય રઘુનાથ" કરી કસુંબા પાણીથી સ્વાગત થયું. ઉમરેઠમાં જાનનું સ્વાગત એક મોટા ઉત્સવની જેમ થયું. જાનૈયાઓની સરભરામાં કોઈ ખામી રહી ન જાય એવી વ્યવસ્થા ઉમેદજી ગોહીલ તરફથી થઈ હતી.

થોડા દિવસ પછી વરરાજા બાજીજીને પરણાવી, નવવધૂ પ્રતાબબાને લઈ જાન કાંટડી પાછી આવી.

સ્ત્રીઓ અને બાળકો 'જાન આવી ગઈ', 'જાન આવી ગઈ' કરી ખુશ થવા લાગ્યાં. બાળકો નવવધૂને જોવા માટે પડાપડી કરવા લાગ્યાં. સ્ત્રીવર્ગ વરવહુને પોંખવાની તૈયારીમાં પડયો ત્યારે જાનમાંથી આવેલા પુરુષો થાક ઉતારવા, નાહવા-ધોવા માટે પોતપોતાના ઘર તરફ વળ્યા. ગામની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગોળે વડ પાસે વરકન્યાનો ઉતારો કરાવ્યો. પોંખ્યા પછી જ ગામમાં દાખલ થવાય એવો રિવાજ હતો.

આ જ સમયે 'બાલાસિનોર' (જિ. ખેડા) તરફના 'પરબિયા'નો કુખ્યાત ધાડપાડુ, 'ગોરો (ખુમો) બારૈયો' કાંટડીના સીમાડે આવી ચડ્યો. એણે તપાસ કરતાં ગામના ઠાકોર રાવળજી–સોલંકી હોવાનું માલૂમ પડતાં ધાડ પાડવાનું માંડી વાળ્યું અને ગામમાં વિનંતી મોકલાવી : "આ ગામે હું ધાડ પાડવા આવ્યો હતો, પરંતુ ગામને રાવળજીઓનું રખોપું છે તેથી ધાડ પાડતો નથી, પરંતુ શુકન-રૂપે સાત રાડાં શેરડીનાં અને એક ઘડો શેરડીનો રસ આપો તો હું ગામ ભાગ્યા વગર ચાલ્યો જઈશ."

આમ તો સાત રાડાં શેરડીનાં અને એક ઘડો શેરડીનો રસ આપવો એ કાંટડી માટે કોઈ મોટી વાત નહોતી. ફળદ્રુપ ખેતરોમાં શેરડીના વાડ લચી પડતા હતા. ગોળ પકવવાના કોલુઓ ધમધોકાર ચાલતા હતા.

આ જ શેરડીનો રસ પીને અલમસ્ત બનેલા રાવળજીઓને એક ધાડપાડુની આવી વાત સ્વીકારવી એ જ શરણાગતિ-સમાન હતું. રાજપૂતો મોત સ્વીકારવામાં પાછા પડતા, પણ શરણાગતિ તો અપમાનજનક જિંદગી હતી. એ એઓ કદી સ્વીકારી શકે એમ નહોતું.

આથી ઠાકોરોએ કહેવડાવ્યું : "જ્યાં રાવળજીની ઠકરાત હોય ત્યાંથી લુટારાને એક તણખલું પણ અપાય નહિ. લુટારાઓએ સીધે સીધા અહીંથી ચાલ્યા જવું, એમાં જ એમનું ભલું છે."

જવાબ સાંભળી ગોરા બારૈયાને પણ અપમાન લાગ્યું. વાત તંતે ચડી–ધીંગાણાનાં મંડાણ થયાં.

હમણાં જ પરણીને આવેલા બાજીજી પોંખવાની થોડી વાર હોવાથી વડના ઝાડ નીચે જરા આરામ કરવા આડા પડ્યા હતા, ત્યાં જ આ વાત એઓ પાસે આવી. કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર, કુળની અને ગામની આબરૂ સાચવવા, ભાગોળેથી જ ઘોડે ચડી ધાડ પાછી વાળવા દોડ્યા.

ગામમાંથી બીજી મદદ આવી પહોંચે ત્યાંસુધીમાં તો ધાડના ઘણા માણસોને પોતાની તેજીલી તલવારના ઘાથી રામશરણ કરી દીધા.

ધાડપાડુઓ ભાગ્યા. ધાડમાં એક ભીલ હતો તેણે કપટ કર્યું. એ બોરડીના ઝુંડમાં છુપાઈ ગયો. એણે બાજીજીની પૂંઠેથી એમની ઉપર ઘા કર્યો. બાજીજી પડ્યા, ત્યાં તો આવી પહોંચેલા દરબારોએ ભીલને એક જ ઝાટકે યમસદન પહોંચાડી દીધો.

લગ્નનું ખુશીનું વાતાવરણ બાજીજીના મૃત્યુથી શોકમાં ફેરવાઈ ગયું. બાજીજી જ્યાં પડ્યા હતા ત્યાં ગામલોકોએ પાળિયો બનાવ્યો. કુણ નદીથી દક્ષિણ દિશાનાં ખેતરોને "બાપાવાળાં ખેતરો" નામ આપ્યું. આજે પણ આ ખેતરો 'ક્યારડાં' આ નામથી જ ઓળખાય છે.

કેટલાય કોડ લઈ પરણી આવેલાં પ્રતાતબા પોતાના ઘરને ઊંબરે પહોંચવાને બદલે સ્મશાને ચિતાએ પહોંચ્યાં. એઓ બાજીજી પાછળ સતી થયાં.

(**નોંધ :- ૧. મોટીકાંટડી** : ગામ કુણ નદી ઉપરના દક્ષિણ કિનારે પહેલાં વસેલું માલૂમ પડે છે, જ્યાં હાલમાં ખંડિયેર મહાદેવ છે. જૂની વાવ છે, જે હમણાં પુરાઈ ગઈ છે. ખેતરોમાં મકાનોની દીવાલ વગેરેના અવશેષો જોવા મળે છે. નજીકમાં એકાદ બે પુરાણાં ધાર્મિક સ્થાનો છે. બાજુમાં "હડમતિયા તળાવ" નામનું એક નાનું તળાવ છે. એના કિનારે આવેલ મંદિરની મૂર્તિ પુરાણી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈ કારણસર, ખાસ કરીને દક્ષિણ કિનારો નીચો હોવાથી, પૂરનાં પાણી ગામમાં વારે વારે આવી જતાં તેથી થોડાં વર્ષો પૂર્વે ગામનું સ્થળાંતર ઉત્તર કિનારે થયું છે.

૨. **સોલંકીઓ** : ગામમાં વાણિયા બ્રાહ્મણ પટેલ તથા બીજી ઘણી કોમોની વસ્તીમાં ગોધરા શાખાના સોલંકી-રાવજીઓ(રાઉલજીઓ)ની વસ્તીનું પ્રમાણ વધારે છે.

રાવજીઓ અહીં સં. ૧૬૮૫ (ઈ. સ. ૧૬૨૯)માં વસ્યા હતા. અહીં આવનાર મૂળ પુરુષ રામસંગજી મહેલોલ(તા. ગોધરા, જિ ગંચમહાલ)ના ઠાકોર વાઘજીના પાંચ દીકરાઓમાંના સૌથી નાના દીકરા હતા. એમના સાત દીકરાઓમાંથી એક દીકરાનું નામ હઠીસંગજી હતું. હઠીસંગજીના બે દીકરાઓમાંથી એક દીકરાનું નામ હાથીજી હતું. હાથીજીને પાંચ દીકરા તેઓમાં એકનું નામ કેસરજી (કરારસંગજી). કેસરજીને ત્રણ દીકરા તેઓમાં નાના દીકરાનું નામ જોરાજી હતું. જોરાજીનાં લગ્ન ઈંટવાડ (તા. સાવલી, જિ. વડોદરા)ના રાઠોડ લખાજીનાં દીકરી અમૃતબા સાથે થયાં હતાં. એમનાથી એક પુત્ર થયા તેમનું નામ બાજીજી હતું, જેઓનું લગ્ન ઉમરેઠના ગોહીલ ઉમેદજીનાં દીકરી પ્રતાપબા સાથે થયું હતું.

૩. **બાપાવાળો પાળિયો** : આ પાળિયો ચોક્કસ કઈ જગ્યાએ આવ્યો છે એ શોધવું આજે મુશ્કેલ થઈ ગયું છે. જ્યાં બાપાવાળાં ખેતરો છે ત્યાં આજુબાજુ તપાસ કરતાં એક પાળિયો મળી આવ્યો છે તેમજ એક મોટો કુદરતી પથ્થર છે તેને લોકો 'બાપાવાળો પથરો' નામથી ઓળખે છે. પાળિયો આ પથરાથી દૂર અને જૂના ગામના અવશેષોથી પશ્ચિમમાં, હાલમાં ગામમાં જવાનો પાકો રસ્તો છે તેના પછી એક ખેતરમાં છે. આ પાળિયાથી પુરાણા મહાદેવના અવશેષો ઉત્તર તરફ કુણ નદીના દક્ષિણ કિનારે થોડે દૂર છે.

આ જગ્યા ઉપરથી જોતાં બાલાસિનોર ઉત્તર પશ્ચિમ દિશાએ આવેલું છે તેથી કદાચ ધાડ એ દિશામાં એટલે કે ગામની પશ્ચિમ દિશામાં આવી હોવી જોઈએ તેમજ આ ખેતરોમાં બીજે કોઈ પણ જગાએ પાળિયો મળી આવ્યો નથી તેથી આ પાળિયો જ, સંભવ છે કે, 'બાપાવાળો પાળિયો' હશે.

આમ તો કાંટડીની સીમમાં બીજે બે ત્રણ પાળિયા આવેલા છે તેઓમાંથી એકાદનું સ્થળાંતર થયેલું હોય એમ લાગે છે. એમ છતાં દરેક પાળિયો પોતાનો ઇતિહાસ દબાવીને મૌન ઊભો છે એનાથી વિશેષ જાણકારી મળતી નથી.

ઠે. ૧૭, દયાલ બાગ, માંઝલપુર, વડોદરા ૩૯૦૦૦૧

સંદર્ભ

(૧) રાજમગા બારોટ સ્વ. શ્રી ચંદ્રસિંહ પ્રતાપસિંહનો ચોપડો, C/o. શ્રી. રમેશભાઈ ખોડસિંહ બારોટ, વાડી, ભાટવાડા વડોદરા-૧૭

(૨) શ્રી. અમરસિંહજી રાઉલજી (મૂળવતન મોટી કાંટડી) મુ. રતનપુર, તા. ગોધરા જિ. પંચમહાલ)

(૩) શ્રી. ગણપતસિંહજી રાઉલજી, મોટી કાંટડી

(૪) શ્રી. ગજાનનભાઈ ઉપાધ્યાય (ભૂતપૂર્વ શિક્ષક, મોટી કાંટડી)

(૫) શ્રી. વિજયસિંહજી દેવીસિંહજી રાઉલજી, મોટી કાંટડી

(૬) શ્રી. નટવરસિંહજી કાળુસિંહજી રાઉલજી, મોટી કાંટડી

(૭) કાંટડીના અનેક વડીલો અને મિત્રો, મોટી કાંટડી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાતના ઇતિહાસના મુસ્લિમ લેખકો
(સલ્તનત સમયના)

ડૉ. ઈશ્વરલાલ ઓઝા

ઈ. સ. ૧૪૦૩ થી શરૂ કરીને મુઘલ સમ્રાટ અકબરે ઈ. સ. ૧૫૭૩ માં ગુજરાત પર આખરીપણે સત્તા જમાવી ત્યાંસુધી ગુજરાતમાં પોતાના સ્વતંત્ર મુસ્લિમ શાસકોનું શાસન રહ્યું હતું. ગુજરાતમાં દિલ્હીના નાઝિમોના શાસન દરમ્યાન સ્વતંત્ર રીતે ઇતિહાસલેખન જેવી કોઈ પ્રવૃત્તિને ઉત્તેજન મળ્યું નહિ, પરંતુ સ્વતંત્ર ગુજરાતી સલ્તનતમાં આવી પ્રવૃત્તિઓને વેગ મળ્યો. પરિણામે ગુજરાતમાં ગુજરાતના ઇતિહાસ પર કેટલીક કૃતિઓ રચાઈ. કેટલીક આવી રચનાઓ ગુજરાત બહાર પણ થઈ. આમાંની કેટલીક મહત્ત્વની કૃતિઓના લેખકો આ પ્રમાણે છે :

હાફીઝ અબ્રૂ : હાફીઝ અબ્રૂને નૂરુદ્દીન બિન લુત્ફુલ્લાહ તરીકે પણ ઓળખવામાં આવે છે એનો જન્મ હિરાતમાં થયો હતો અને હમદાનમાં એણે શિક્ષણ મેળવ્યું હતું. એ પ્રારંભે તૈમૂરનો દરબારી હતો, પરંતુ પાછળથી શાહરૂખના દરબારમાં રહ્યો હતો. એનું મરણ ઈ. સ. ૧૪૩૦ માં ઝન્જાનમાં થયું હતું.

એના પુસ્તકનું નામ 'ઝુબ્દતુત્તવારીખ બૈસનઘરી' હતું, પરંતુ સામાન્ય રીતે એ 'તારીખ-ઈ-હાફીઝ અબ્રૂ' તરીકે ઓળખાય છે. આ ગ્રંથમાં લેખકે પોતાના સમયનો ઇતિહાસ તેમજ ભૂગોળ આલેખેલ છે.

જોકે ગુજરાત વિશેનો એનો ઉલ્લેખ અત્યંત સામાન્ય અને અજ્ઞાન-ભર્યો છે. દા. ત. એ નોંધે છે કે બીયાહ નામની કાશ્મીર અને ઉંચમાંથી પસાર થતી નદી ગુજરાતના સમુદ્રને મળે છે. એવું જ યમુના વિશેનું એનું વિધાન છે. એના મત મુજબ યમુના નદી પણ શિવાલિક ગિરિમાળામાંથી નીકળી દિલ્હી થઈને ગુજરાતમાં હિન્દી મહાસાગરને મળે છે.

આ ઉપરાંત એણે તૈમૂરલંગે ગંગાપારના પ્રદેશમાં અગ્નિપૂજકો અર્થાત્ પારસીઓ સાથે એક યુદ્ધ કર્યાનો ઉલ્લેખ કર્યો છે. બનવા જોગ છે કે ગુજરાતના પારસીઓએ કનોજ આસપાસના વિસ્તારમાં કોઈ વસાહત સ્થાપી હોય!!

હલવી શીરાઝી : હલવી શીરાઝી અહમદશાહ પ્રથમનાં કાર્યોનો અહેવાલ લખનાર દરબારી આલેખક હતો. એ આમ તો કુશળ શાયર હતો તેથી એણે અહમદશાહનો ઇતિહાસ 'તારીખે અહમદશાહી'ના નામે મસનવી પ્રકારના કાવ્યમાં લખ્યો છે. આ ગ્રંથમાં એણે સુલતાન મુઝફ્ફરશાહ વિશે પણ વિગતો આપી છે. આ પુસ્તક હાલમાં મળતું નથી, પરંતુ 'મિરાતે અહમદી'માં એનાં ઘણાં અવતરણો આવે છે. અમદાવાદ વિશે શીરાઝી નોંધે છે કે "આબાદ થયેલું એ નવું શહેર ધરતીના મુખ પરના સુંદર શ્યામ તલ જેવું શોભી ઊઠયું. નવું શહેર એવું થયું કે એની જોડી એ જમાનામાં આસમાને પણ જોઈ નહોતી. આ શહેર તૈયાર થયું ત્યારે પૃથ્વી સપ્તખંડી હતી તે અષ્ટખંડી થઈ."

યાહ્યા સરહિન્દી : એનું પૂરું નામ યાહ્યા બિન અહમદ બીન અબ્દુલ્લાહ સરહિન્દી હતું. એણે ઘોરી વંશના સ્થાપક સુલતાન મહમદશાહથી દિલ્હીના સુલતાન મુબારકશાહ સુધીનો ઇતિહાસ પોતાના ગ્રંથમાં લખ્યો, તેથી એણે ગ્રંથનું નામ 'તારીખ-ઈ-મુબારકશાહી' રાખ્યું છે. સુલતાન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફીરોઝશાહ સુધીની વિગતો એણે પોતાના બરની અને અફીફ જેવા પુરોગામીઓને આધારે નોંધી છે. એ પછીનો અહેવાલ એણે વિશ્વાસપાત્ર માહિતી તથા જાતનિરીક્ષણના આધારે લખ્યો છે. આ બાબત એણે ગ્રંથની પ્રસ્તાવનામાં સ્પષ્ટ કરી છે.

આ ગ્રંથમાં ફિરોઝશાહ તુઘલુકના સમયમાં ઝફરખાન જ્યારે ગુજરાતનો સૂબો હતો ત્યારના ગુજરાતની માહિતી છે. એ સમયે ગુજરાતની સમૃદ્ધિને કારણે ગુજરાતની સૂબાગીરી મેળવનારે દિલ્હી દરબારને ઘણી ઊંચી કિંમત ચૂકવવી પડતી હતી. ઈ. સ. ૧૩૭૬–૭૭ માં શમ્સ દામઘાનીએ ગુજરાતની સૂબાગીરીના બદલામાં દર વર્ષે ૪૦ લાખ ટંકા, ૧૦૦ હાથી, ૨૦૦ અરબી ઘોડા અને ૪૦૦ હિન્દુ તેમજ એબિસિનિયાઈ ગુલામો આપવાનું વચન આપેલું. એણે ઉપર્યુક્ત કિંમત કરતાં વધારે કિંમતે ગુજરાતની સૂબાગીરી મલિક ઝિયાઉ–લમુલ્ક મલિક શમ્સુદ્દીન અબૂરજાને વેચી દીધી. આ પરથી એ સમયે મુસ્લિમ સૂબાઓ દ્વારા ગુજરાતની પ્રજાને વેરાની વસૂલાત વખતે કેવી લૂંટવામાં આવતી હશે એનો ખ્યાલ આવે છે.

સરહિન્દીએ ગુજરાતના અમીરોના બળવાની વિગતો આપી છે. શાહજાદો મહમદખાન પણ ગુજરાતના અમીરોના પક્ષે ભળ્યો હતો. અશ્વદળના સેનાપતિ મલિક યાકૂબને 'સિંકદરખાન'નો ઈલ્કાબ આપીને ગુજરાત મોકલવામાં આવ્યો. એને ખંભાતના અમીર મલિક મુફરીહે કતલ કર્યો હતો. આ ઉપરાંત ગુજરાતના પ્રથમ સ્વતંત્ર સુલતાન તાતારખાને પોતાની યુવરાજાવસ્થામાં દિલ્હીના રાજકારણમાં સુલતાન મુહમ્મદશાહ તુઘલુકના સમયમાં કેવાં પરાક્રમો કરેલાં એની માહિતી આ ગ્રંથમાં છે. એમાં એવી પણ નોંધ છે કે તૈમૂરની ચડાઈ વખતે ગુજરાતે સુલતાનને આવકારીને આશ્રય આપ્યો હતો.

અબ્દુલહુસેન તુની : તુનીની રચના 'મઆસિરે મહમૂદશાહી'ના નામે ઓળખાય છે. એણે એ ગુજરાતના વિખ્યાત સુલતાન મહમૂદ બેગડાના સમયમાં લખેલી. આ ગ્રંથમાં ગુજરાતના સૂબાઓનો ઇતિહાસ વિગતપૂર્ણ રીતે આપેલો છે. એમ કહેવાય છે કે એણે આ ઇતિહાસગ્રંથ મહમૂદ બેગડાની ઇચ્છાથી લખ્યો હતો તેથી એમાં ઝફરખાન ગુજરાતનો સૂબો નિમાયો ત્યારથી ઈ. સ. ૧૪૮૬ નો ઇતિહાસ છે. તુનીને સૌથી વધારે અનુકૂળતા સરકારી પત્રવ્યવહાર જોવાની હતી, પરિણામે એનો આ ઇતિહાસગ્રંથ વધારે આધારભૂત બન્યો છે, જોકે એણે ઘણી જગ્યાએ અત્યુક્તિ કરી છે.

શમ્સુદ્દીન મુહમ્મદ ઝીરક : અબ્દુલહુસેન તુનીની માફક ઝીરકે પણ પોતાના ગ્રંથનું નામ 'મઆસિરે મહમૂદશાહ' રાખ્યું હતું. એણે પોતાની આ રચનામાં સુલતાન મહમૂદ બેગડાના શાસનના છેલ્લા બે દાયકાઓનો ઇતિહાસ આલેખ્યો છે. લેખક પોતે બેગડાનો આશ્રિત હતો. તુનીના ઇતિહાસગ્રંથના અનુસંધાને સુલેમાન નામના બેગડાના અત્યંત વિશ્વાસુ સરદારે ઝીરકને આગળ વૃત્તાંત લખવાની આજ્ઞા કરી હતી, પરિણામે ઝીરકની આ રચના તૈયાર થઈ.

અબ્દુલકરીમ નીમહિન્દી : એનું આખું નામ અબ્દૂલકરીમ બિન અતાઉલ્લા નીમહિન્દી હતું, એણે 'તબકાતે મહમૂદશાહી' નામનો ગ્રંથ લખ્યો હતો. આ ગ્રંથને 'તબકાતે અબ્દુલકરીમ' તરીકે પણ ઓળખવામાં આવે છે. લેખક પોતે ગુજરાતમાં બહમનીસલ્તનતનો રાજદૂત હતો. આ ગ્રંથમાં ઈસ્લામનો વાસ્તવિક ઇતિહાસ છે. આમ છતાં એનાં છેલ્લાં પ્રકરણોમાં ગુજરાત વિશે ઉપયોગી માહિતી આપવામાં આવી છે. ગુજરાતી સલ્તનતના સમકાલીન ઇતિહાસગ્રંથ તરીકે એનું મૂલ્ય વિશેષ છે.

ફૈઝુલ્લાહ બિમ્બાની : બિમ્બાનીના ગ્રંથને 'તારીખ સદ્રેજહાન' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે લેખક પોતે 'સદ્રેજહાન ગુજરાતી' તરીકે ઓળખાતો હતો. પ્રસ્તુત રચનામાં સમગ્ર ભારતનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટૂંકમાં વૃત્તાંત આવરી લેવાયો છે, આમ છતાં એમાં ઈ. સ. ૧૫૦૧ સુધીનો મહમૂદ બેગડાનો પણ ઇતિહાસ આપવામાં આવ્યો છે. એક ઘટનાસભર ગ્રંથ તરીકે એનું વિશેષ મહત્ત્વ છે.

શરફુદ્દીન મુહમ્મદ બુખારી : શરફુદ્દીન બુખારીનો ગ્રંથ 'તારીખે સલાતીને ગુજરાત'ના નામે ઓળખાય છે. એણે ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહ બીજાના સમયમાં ગુજરાતમાં નોકરી કરેલી, પરિણામે એનો ગુજરાતનો વૃત્તાંત વિશેષ આધારભૂત છે. બુખારીનો આ ગ્રંથ ઘણો જ વિસ્તૃત છે અને એ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. એણે પોતાની આ રચનામાં ઈ. સ. ૧૩૪૨ થી ૧૫૧૧ સુધીનો ગુજરાતનો ઇતિહાસ ગુજરાતી સુલતાનોને કેન્દ્રમાં રાખીને આલેખ્યો છે. અત્યારે આ ગ્રંથ સળંગ સ્વરૂપે મળતો નથી, પરિણામે ગુજરાતની પ્રજા સ્વતંત્ર ગુજરાતી સલ્તનતના સમયની અનેક અગત્યની ઘટનાઓથી અજાણ બની રહી.

કરીમુદ્દીન હબીબુલ્લાહ ખોન્ડમીર : કરીમુદ્દીન અર્દબીલનો વતની હતો. એના ગ્રંથને 'હબીબુસ્સિયર' તરીકે ઓળખવામાં આવે છે. આ ગ્રંથ લખવામાં 'રૌઝતુસ્સફા' નામના ગ્રંથનો આધાર લેવામાં આવ્યો છે. લેખક પોતે પ્રવાસનો શોખીન હતો તેથી એમાંની અનેક ઘટનાઓ જાત-નિરીક્ષણના આધારે આલેખાઈ છે. આ પુસ્તક ખોન્ડમીરે ૪૮ વર્ષની ઉંમરે લખવાનું શરૂ કર્યું અને આઠ વર્ષની મહેનતને અંતે એ પૂરું કરવામાં આવ્યું. આ વિસ્તૃત ગ્રંથ ત્રણ પ્રસંગોમાં વહેંચાયેલો છે, જેમાં છેલ્લો સમીક્ષાનો વિભાગ ઘણો જ મહત્ત્વનો છે,

કરીમુદ્દીને એના ઇતિહાસમાં મુહમદ ગઝનવીની સોમનાથ પરની ચડાઈ વિશે ઘણી વિગતે લખ્યું છે. એના જણાવ્યા પ્રમાણે મુહમદે ગુજરાત આવવા પાણીનાં ૨૦,૦૦૦ માટલાંથી લદાયેલા ઊંટો સાથે જેસલમેરના રણનો માર્ગ લીધો હતો. એ પાટણ થઈને સોમનાથ આવેલો. "સોમનાથના મંદિરમાં એટલું બધું ધન હતું કે એનો દસમો ભાગ પણ કોઈ રાજાના ખજાનામાં નહિ હોય" એવી એની નોંધ ગુજરાત એ સમયે આર્થિક રીતે કેટલું સમૃદ્ધ હશે એનો ખ્યાલ આપે છે.

સોમનાથના વિજય પછીનો કરીમુદ્દીનનો અહેવાલ ઘણો જ રોચક છે. એ જણાવે છે તેમ મુહમદે ગુજરાત જીત્યા પછી ત્યાં પોતાના સૂબા તરીકે દાબ્સીલીમ મુર્તાઝ નામની વ્યક્તિની નિમણૂક કરી હતી.

આ વ્યક્તિ કોણ હતી એ ગુજરાતના ઇતિહાસની રહસ્યમય બાબત છે. 'દાલ્સીલીમ'નો શબ્દાર્થ સર ઇલિયટના મતે "સાધુનો કસરતબાજ શિષ્ય" એવો થાય છે. બર્ડ દાલ્સીલીમને 'દેવશીલ'નું અપભ્રંશ રૂપ માને છે, જ્યારે એલ્ફિન્સ્ટન એમ માને છે કે આ વ્યક્તિ જૂના ચાવડા વંશની હશે અને ગુજરાતના મૂળ શાસક તરીકે-મુહમદે એને ગુજરાત પાછું સોંપ્યું હશે.

કરીમુદ્દીન પોતે નોંધે છે તેમ સોમનાથના લોકોએ જ મુહમદ ગઝનવીને દાલ્સીલીમ જાતિના બ્રહ્મન નામના જુવાનને ગુજરાતની ગાદી સોંપવા વિનંતી કરી હતી, જ્યારે લોકોના બીજા જૂથે આ જ જાતિની અન્ય વ્યક્તિને રાજગાદી સોંપવા જણાવેલું.

છેવટે દાલ્સીલીમ મુર્તાઝને નિયમિત ખંડણી મોકલવાની શરતે ગુજરાત સોંપવામાં આવ્યું. 'હબીબુસ્સિયર' નામના એક અન્ય ગ્રંથનું ગહન અધ્યયન કરતાં એમ લાગે છે કે આ દાબ્સીલીમ મુર્તાઝ હિન્દુ હતો, કારણ કે કરીમુદ્દીને એના મોમાં "અમારા ધર્મમાં આમ છે" એવું કહેતા શબ્દો મૂક્યા છે; જોકે મુહમદની પૂંઠ ફરી કે તરત જ ચૌલુક્ય શાસક ભીમદેવ પ્રથમે આ "મુહમદના માણસ"ને ઉથલાવીને ગુજરાતને ગઝનાથી સંપૂર્ણ સ્વતંત્ર કર્યું.

મીર સૈયદ અલી કાશાની : કાશાનીએ પોતાના પુસ્તક 'તારીખે મુઝફ્ફરશાહી'માં ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહ બીજાના સમયનો ઈ. સ. ૧૫૧૧ થી ૧૫૨૬ સુધીનો ઇતિહાસ આપ્યો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. એ કવિ અને વૃત્તાંતનિવેદક હતો તેથી આ પુસ્તકનો અર્ધો ભાગ પદ્યમાં લખાયો છે. એમાંનો ગુજરાતનો માળવાવિજયનો અહેવાલ નોંધપાત્ર છે, કારણ કે આ અભિયાન વખતે લેખક હાજર હતો. સુલતાન તરફનો અનુગ્રહ એના પુસ્તકમાં સ્પષ્ટ દેખાય છે.

મુઘલ સમ્રાટ બાબર : બાબરે એની આત્મકથા 'તુઝક-ઈ-બાબરી' તુર્કી ભાષામાં લખી હતી. અકબરના રાજ્ય-અમલ દરમ્યાન એનું ફારસીમાં ભાષાંતર અબ્દુર્રહીમખાનખાનાએ કર્યું હતું.

બાબરે પોતાના સમયની હિંદની સ્થિતિનું વર્ણન કરતાં જે પાંચ મહત્ત્વના મુસ્લિમ શાસકો ગણાવ્યા છે તેમાં ગુજરાતને બીજા ક્રમે મૂક્યું છે. એણે સુલતાન મુહમ્મદ મુઝફ્ફર વિશે પણ લખ્યું છે. એની ધાર્મિકતાનાં આ પ્રથમ મુઘલ સમ્રાટે પુષ્કળ વખાણ કર્યાં છે.

ગુજરાતના સુલતાનોના પૂર્વજો વિશે પણ એ માહિતી આપે છે. સુલતાન બહાદુરશાહ વિશેનાં એનાં વિધાનો મુસ્લિમ તવારીખ-સાહિત્યમાં પ્રચલિત બન્યાં છે.

ઇબ્રાહિમ બિન હરીરી : હરીરીના ગ્રંથનું નામ 'તારીખ-ઈ-ઈબ્રાહીમ' છે. એમાં છેક પ્રાચીન સમયથી બાબરે હિંદમાં પોતાનું રાજ્ય સ્થિર કર્યું ત્યાંસુધીનો ઇતિહાસ છે. હિંદના ઇતિહાસની શરૂઆત એણે દિલ્હીના ગુલામ વંશના શાસકોથી કરી છે. એમાં ગુજરાત પર હુમાયુએ આક્રમણ કર્યું એનો અહેવાલ આપવામાં આવ્યો છે. આ પુસ્તક લેખકે હુમાયુના રાજ્યકાલ દરમ્યાન લખ્યું હતું તેથી એને 'તારીખ-ઇ-હુમાયુની' પણ કહેવામાં આવે છે,

હુસામુદ્દીનખાન : હુસામુદ્દીનખાન અમદાવાદનો વતની હતો. એના દાદા જલાલુદ્દીન મુહમ્મદ મુહાફીઝખાને મહમૂદ બેગડાના સમયમાં અમદાવાદની હાકેમી કરેલી અને છેવટે બેગડાનો વજીર બનેલો. એના ગ્રંથને 'તારીખે બહાદુરશાહી' તરીકે ઓળખવામાં આવે છે. એમાં દિલ્હી સલ્તનતથી શરૂ કરી સુલતાન બહાદુરશાહના શાસનના અંત સુધીના સમયનો, અર્થાત્ ઈ. સ. ૧૫૨૬ થી ૧૫૩૭ સુધીનો ઇતિહાસ આલેખાયો છે. એના પુસ્તકનો લેખકના નામ પરથી 'તબકાતે હુસામખાની' કે 'તારીખે હુસામખાની' તરીકે એના અનુગામીઓએ ઉલ્લેખ કર્યો છે.

શરૂઆતમાં 'તારીખે બહાદુરશાહી'ના લેખકનો વિવાદ ઊભો થયેલો, કારણ કે 'મિરાતે સિંકદરી' અને હાજીદબીરના ગુજરાતના અરબી ઇતિહાસમાં એનાં ઉતારા અને નોંધો પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે, પરંતુ ક્યાંય ઇતિહાસલેખકનું નામ મળતું નથી. હાજીદબીરના ઇતિહાસના વિદ્વાન સંપાદક સર ડેનિસન રોસે 'તારીખે બહાદુરશાહી'નો લેખક હુસામખાન હતો એમ સર્વપ્રથમ દર્શાવ્યું અને એમના સંપાદનની અરબી આવૃત્તિની અંગ્રેજી પ્રસ્તાવનામાં સબળ કારણો-પ્રમાણો આપીને આ બાબત સિદ્ધ કરી. ઈ. સ. ૧૭૬૧ માં અમદાવાદના અલીમુહમ્મદખાને 'મિરાતે એહમદી'માં આ પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ હજુ સુધી એની મૂળ પ્રત મળી શકી નથી.

લેખક સમકાલીનની સાથે એ સમયના ઘણા બનાવોનો સાક્ષી હતો. રાણા સંગ્રામસિંહે ગુજરાત પર આક્રમણ કર્યું તથા મલિક આયાઝે પ્રતિઆક્રમણ કર્યું ત્યારે મુસ્લિમ લશ્કરમાં લેખક પોતે સામેલ હતો. આ યુદ્ધનું વર્ણન હુસામ-ઉદ્દીનખાનના અનુગામીઓએ 'તારીખે બહાદુરશાહી''માંથી લેવાનું યોગ્ય માન્યું છે. તદુપરાંત સુલતાન મુઝફ્ફરશાહ બીજાના રાજ્ય-અમલ દરમ્યાન થયેલાં અનેક યુદ્ધોમાં લેખક હાજર હતો. એક વૃત્તાંત પ્રમાણે ગુજરાતના માળવા પરનાં આક્રમણ તથા યુદ્ધમાં લેખકે જાતે ભાગ લીધેલો તેથી ગુજરાતના લશ્કરની આવી ઘટનાના એના વૃત્તાંતો મુસ્લિમ તવારીખકારોની સ્વભાવગત ધર્માંધતાના અત્યુક્તિના અંશોને બાદ કરતાં થોડા આધારભૂત છે.

હુસામુદ્દીનખાન સુલતાન બહાદુરશાહનો મહત્ત્વનો અમીર તેમજ અંગત મિત્ર હતો. હુમાયુના ગુજરાત-આક્રમણ વખતે મુઘલો સામેના પ્રતિ-આક્રમણની યોજના ઘડવા માટે એ પોતાના સાથીદારો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે પાટણમાં આવ્યો હતો. બહાદુરશાહના એક દિલોજાન દોસ્ત તરીકે એ અહર્નિશ ચિંતા કરતો હતો. એનો ખ્યાલ બહાદુરશાહની ગાદી સિંકદરખાન પડાવશે એવા એક સ્વપ્નની નોંધ પરથી આવે છે. આ સ્વપ્નને વાસ્તવિક આધાર મળ્યો હતો, જેની નોંધ એણે કરી છે.

એણે બહાદુરશાહના રાજ્યાભિષેકથી માંડીને એના અંતકાલ સુધી મહત્ત્વની કામગીરી બજાવી હતી. વચ્ચે એણે ખંભાતના દરોગા તરીકે પણ કામગીરી બજાવી હતી. સુલતાને લેખકને પોતાનાં દક્ષિણનાં અભિયાનોમાં પણ સામેલ કર્યો હતો. એણે ઈ.સ. ૧૫૨૧ માં મલિક સારંગના હાથ નીચે કામ કર્યું હતું અને ઈડર તથા ડુંગરપુરની લડાઈઓમાં નોંધપાત્ર ભૂમિકા અદા કરી હતી.

લગભગ તમામ યુદ્ધોમાં બહાદૂરશાહ સાથે પોતે હતો એમ હુસામુદ્દીન જણાવે છે. બહાદૂરશાહે માંડુ અને ચિત્તોડ પર આક્રમણ કર્યું ત્યારે હુમાયુના વળતા હુમલામાં લેખકની સ્થિતિ ઘણી જ કફોડી થઈ ગઈ. 'મિરાતે સિંકદરી'ના લેખકના પિતા મંઝૂ અકબરે એને પોતાના તંબુમાં સંતાડીને બચાવી લીધો હતો. ત્યાર બાદ હિસામુદ્દીનખાનનું શું થયું એની માહિતી મળતી નથી અને ઈ. સ. ૧૫૩૩ પછી એના હાથની લખેલી કોઈ નોંધ પણ પ્રાપ્ત થતી નથી.

ગુજરાતના ઇતિહાસ માટે એ સમયની કેટલીક સાંસ્કૃતિક હકીકતો તથા સ્થળોનાં નામો માટે એનો ઇતિહાસગ્રંથ અમૂલ્ય છે, જોકે એની શૈલી કેટલીક વાર ગૂંચવણભરી બની જાય છે છતાં રોચક અને માહિતીપ્રદ છે. હુસામુદ્દીનખાનના આ કાર્યને બિરદાવતાં શ્રી. રત્નમણિરાવ જોટે નોંધે છે કે "ગુજરાતના મુસલમાન-સમયના ઇતિહાસો બીજા પ્રાંતો કરતાં વધારે સમૃદ્ધ છે અને એમાં તળ-ગુજરાતીઓને હાથે જે ગ્રંથો લખાયા છે તેવા અન્યપ્રાંતવાસીઓએ પોતાના માટે લખેલા મળતા નથી. આ બધામાં 'તારીખે બહાદુરશાહી'નું સ્થાન પણ ઊંચું છે."

શાયર મુતાઈ: મુતાઈ મુસાફર હતો અને ઈ. સ. ૧૫૩૧ માં મક્કાથી દીવ આવ્યો હતો. ગુજરાતમાં એ ઘણી જગ્યાએ ફરેલો. એણે સુલતાન બહાદુરશાહ સાથે સારા સંબંધો કેળવ્યા હતા. એણે કોઈ ઇતિહાસગ્રંથ લખ્યો નથી, પરંતુ 'ગંજ મઆની' નામનું એક મસ્નવી-કાવ્ય લખેલું છે. આ કાવ્યમાં ગુજરાતના ઇતિહાસના બે મહત્ત્વના પ્રસંગો આલેખાયા છે. એક પ્રસંગ છે સુલતાન બહાદુરશાહે માળવા જીતી લઈને ગુજરાતમાં ભેળવ્યું એ અને બીજો પ્રસંગ એણે પોર્ચુગીઝો પર મેળવેલા વિજયને લગતો છે.

સીદી અલી રેઈસ: સીદી અલી રેઈસ તુર્કીના એક કાફલાના સેનાપતિ તરીકે ઈરાની અખાતમાં આવેલો. એને મસ્કત આગળ પોર્ચુગીઝોના કાફલાનો ભેટો થતાં સખત લડાઈ થઈ, જેમાં એ હાર્યો અને ગુજરાતના કિનારા તરફ નાસવા પ્રયત્ન કર્યો. મકરાણના દરિયાકિનારે થઈને ગુજરાત આવતાં એને અરબી સમુદ્રમાં વંટોળિયાનું તોફાન નડયું તેથી એ કચ્છના અખાત તરફ ધસડાઈ આવ્યો. ત્યાંથી આ કાફલો બિલકુલ અસ્તવ્યસ્ત હાલતમાં સૌરાષ્ટ્રના દરિયાકિનારે પુરમિયાણી વેરાવળ માંગરોળ વગેરે બંદરોએ થઈને દીવ નજીક આવ્યો, પરંતુ પોર્ચુગીઝોથી અલી રેઈસ એટલો બધો ડરી ગયેલો કે એ દીવ ઊતર્યો નહિ, તેથી દક્ષિણ ગુજરાતના દમણ બંદરે એણે પોતાના કાફલાને ઉતાર્યો. દમણમાં એ વખતે મલિક ઈઝીદ નામનો ગુજરાતના સુલતાનનો વહીવટદાર હતો. તેણે સીદી રઈસને આવકાર્યો. દમણમાં પણ એને સલામતી ન લાગતાં એ સુરત આવ્યો. અલી રેઈસ તથા એના માણસોને પોર્ચુગીઝોનો ડર એટલો બધો હતો કે એઓ સુરત દરિયાઈ માર્ગને બદલે જમીન-માર્ગે ગયા. લગભગ એના તમામ માણસોએ ગુજરાતમાં નોકરી સ્વીકારી લીધી.

આ સીદી અલી રેઈસ નૌકાસેનાપતિની સાથે સાથે કવિ લેખ ગણિતશાસ્ત્રી ભૂગોળશાસ્ત્રી ખગોળશાસ્ત્રી અને ઓસનોલૉજી(સમુદ્રને લગતા શાસ્ત્ર)નો ખાસ જાણકાર હતો. એણે 'અલમુહિત' (મહાસાગર) નામનું એક પુસ્તક ઈ. સ. ૧૫૫૪ માં અમદાવાદમાં રહીને લખ્યું તથા પૂરું કર્યું હતું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ઉપરાંત એણે 'મિરાત અલ મમાલિક' (દેશોનું દર્પણ) નામનો એક પ્રવાસગ્રંથ લખ્યો છે. એમાં એણે પોતાની નૌકા સેનાપતિ તરીકેની કામગીરી તો વર્ણવી છે, સાથે સાથે ગુજરાતના ઇતિહાસને લગતી ઘણી બાબતો દર્શાવી છે. ગુજરાતના ઇતિહાસની લેખન-પ્રવૃત્તિમાં એનું સ્થાન અદ્વિતીય છે. પ્રો. કોમિસેરિયટે એમના ગુજરાતના ઇતિહાસમાં આ સીદી અલી રેઈસ માટે એક આખુ પ્રકરણ લખેલું છે. આમાં એનું ચરિત્ર તથા ગુજરાત સાથે સંબંધ ધરાવતી ન હોય એવી ઘટનાઓ પણ આલેખી છે. સીદી રેઈસની મુસાફરીના અહેવાલનો ગુજરાતને લગતો ભાગ અંગ્રેજીમાં ભાષાંતર કરી હેમરે મુંબઈની સાહિત્ય સભાના ઉપક્રમે પ્રસિદ્ધ કરેલ છે.

'મિરાત અલ મમાલિક'માં ગુજરાતના એ સમયના રાજકીય વાતાવરણનું પણ વર્ણન છે. એણે નોંધ્યું છે કે સુલતાન અહમદશાહ ત્રીજાએ નાસીર-ઉલ્મુલ્ક નામના વિદ્રોહીનો વિદ્રોહ કચડી નાખવા માટે લેખકના ૨૦૦ તુર્ક સૈનિકોની મદદ લીધેલી.

સુરતથી અમદાવાદની એની મુસાફરી ઘણી જ રસિક છે. અમદાવાદથી એ પાટણ પહોંચેલો ત્યાં એ વખતે શેરખાન ફોલાદીના અફઘાનો અને સમીના ફતેહખાન બલૂચના મકરાણીઓ વચ્ચે સંઘર્ષ ચાલતો હતો, જેનો એણે ઉપર્યુક્ત ગ્રંથમાં તાદૃશ ચિતાર આપ્યો છે. એ વખતે સમગ્ર ગુજરાતમાં કેવી અશાંતિ અને અરાજકતા ભરી સ્થિતિ હતી એનો ખ્યાલ આવે છે. એણે ગુજરાતને વાણિયાઓનો દેશ કહ્યો છે એ સૂચક ગણાય.

અહમદ યાદગાર : અહમદ યાદગાર સૂર વંશના સુલતાનોની સેવામાં હતો. સુલતાન દાઉદ-શાહે એને અફઘાન સુલતાનોનો ઇતિહાસ લખવાનું કામ સોંપ્યું હતું તેથી એણે 'તારીખ-ઇ-સલાતીન-અફઘાન' નામના ઇતિહાસગ્રંથની રચના કરી એણે પોતાના ઈતિહાસની શરૂઆત બહલોલ લોદીના શાસનકાલથી કરી છે અને એનું છેલ્લું પ્રકરણ વિક્રમાદિત્ય હેમુને મુઘલો દ્વારા પકડવામાં આવ્યો ત્યાં પૂરું થાય છે. લેખકના પિતાએ હુમાયુના ગુજરાત પરના આક્રમણમાં ભાગ લીધો હતો.

એ નોંધે છે કે ઈબ્રાહીમ લોદીના કાકા આલમખાને નિષ્ફળ બળવો કર્યા પછી બદખ્શા થઈને ગુજરાતમાં આશ્રય લીધો હતો. ઉપરાંત સુલતાન આદિલશાહ સૂર અને એક ભવિષ્યવેત્તા વચ્ચેની વાતચીતમાં એક ભવિષ્યકથનમાં અત્યંત રસપ્રદ રીતે ખંભાતનો ઉલ્લેખ આવે છે.

કેટલાક અજ્ઞાત લેખકો : ઉપર્યુક્ત લેખકો ઉપરાંત કેટલાક અનામી-અજ્ઞાત લેખકોની ગુજરાતના ઇતિહાસવિષયક રચનાઓ પ્રાપ્ત થાય છે. આમાં ક્યાંય લેખકનું નામ જોવા મળતું નથી. આવી કૃતિઓમાં 'મુઝફ્ફરશાહી' નામનો ગ્રંથ અગત્યનો છે. એમાં સુલતાન ઝફરખાન ઉર્ફે મુઝફ્ફરશાહના શાસનનો અહેવાલ છે. પ્રસ્તુત રચનામાં ઈ. સ. ૧૩૪૧ થી ઈ. સ. ૧૪૧૧ સુધીનો કાલખંડ આવરી લેવાયો છે. એની કોઈ પ્રત અત્યારે મળતી નથી, પરંતુ એની પછીથી લખાયેલ તવારીખોમાં આ ગ્રંથનો ઉલ્લેખ તેમ સંદર્ભો મળે છે.

બીજી કૃતિ છે 'તારીખે ઇબ્રાહીમી,' જેને 'તવારીખેહુમાયુ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ગ્રંથમાં ઝફરખાનની ઈ. સ. ૧૩૯૧ માં ગુજરાતના સૂબા તરીકે નિમણૂક થઈ ત્યારથી માંડીને સુલતાન મહમૂદશાહ બીજાના સમય એટલે કે ઈ. સ. ૧૫૩૭ સુધીનો ટૂંકમાં ઇતિહાસ આપવામાં આવ્યો છે.

ત્રીજી અગત્યની કૃતિ છે 'તારીખે મુઝફ્ફરશાહી'. એમાં ગુજરાતનો ઈ. સ. ૧૫૨૬ થી ૧૫૭૩ સુધીનો ઇતિહાસ અત્યંત વિગતપૂર્ણ રીતે આવરી લેવાયો છે. આ ઉપરાંત આવી જ એક અન્ય કૃતિ 'તારીખ-ઇ-મુહમ્મદશાહી' નામની મળે છે, જેનો લેખક પણ અજ્ઞાત છે.

ઠે. ઉગમણો ભાટવાડો, વિસનગર-૩૮૪૩૧૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કચ્છનો પ્રથમ માનવી

શ્રી રાજરત્ન ગોસ્વામી

દુર્ભાગ્યે આજે હડપ્પીય સંસ્કૃતિના ભારતમાં અને ખાસ તો ગુજરાતમાં અવશેષોના સંશોધનમાં આપણે એટલા તો ગુલતાન થઈ ગયા છીએ કે પુરાતાત્ત્વિક સંશોધનોમાં પાષાણયુગીન માનવ-સભ્યતાના અવશેષો શોધવામાં જરાય રસ લેતા નથી. આનો સૌથી ખરાબ પ્રભાવ એવો પડ્યો છે કે આજે ગુજરાતમાં એકેય સ્થળે પાષાણયુગીન સભ્યતાની ખોજ માટે વિધિવત્ ઉત્ખનન-કાર્ય વીસ વરસોથી હાથ જ ધરવામાં આવ્યું નથી. એક તો પાષાણકાલીન શોધો પુરાતત્ત્વવિદોમાં રોમાંચ પેદા કરી શકે તેવી ભવ્યતાઓ-વિહીન હોય છે, તો બીજી બાજુ એની શોધખોળમાં ભટકવાનું વધારે હોય છે, તેથી પુરાતત્ત્વવિદો કદાચ નિષ્ક્રિય થઈ જતા હોય. આવી ઉપેક્ષાનો સૌથી ખરાબ શિકાર રહ્યો છે કચ્છ. કચ્છ કે જેણે આજ લગી વિશ્વની વિવિધ જાતિઓ અને એમની સભ્યતાઓને ન કેવળ આશ્રય આપ્યો છે, અપિતુ એમને સુરક્ષિત પણ રાખી છે કે આજે પણ એક અથવા બીજા સ્વરૂપે એ સંસ્કૃતિઓ અને જાતિઓ અહીં યત્ર-તત્ર દૃષ્ટિગોચર થાય છે. એના જ પ્રાચીનતમ માનવી વિષયે નહિ જેટલી માહિતી આપણી પાસે ઉપલબ્ધ છે અને જે પણ છે તે ક્ષેત્રની વિશાળતાના પ્રમાણમાં ખૂબ જ અલ્પ છે, અપૂરતી છે, છતાં, જે કાંઈ છે તેને જ આધાર માની, અન્ય સ્થળોના તુલનાત્મક અભ્યાસોના આધારે આજે આપણે જોઈએ કે "કચ્છનો પ્રથમ માનવી કોણ હતો."

કચ્છમાં પુરાતાત્ત્વિક સંશોધનમાં પ્રાચીન માનવી વિશે જોડાયેલ સંશોધનના વ્યવસ્થિત પ્રયાસ ડેક્કન કૉલેજ-પૂના દ્વારા ૧૯૬૭ દરમ્યાન થયા. ત્યાર બાદ રાજ્યના પુરાતત્ત્વ ખાતાની 'નદી-સર્વેક્ષણ' અને 'ગામે-ગામ સર્વેક્ષણ' જેવી યોજનાઓ હેઠળ ૧૯૭૭ થી ૧૯૮૪ સુધી કેટલાંક સ્થળોનાં અભ્યાસ અને ઉપરિ-સર્વેક્ષણ (સર્ફેસ-સર્વે) હાથ ધરવામાં આવ્યાં. આ સર્વેક્ષણના ફલસ્વરૂપે ભૂજ અંજાર નખત્રાણા ભચાઉ લખપત અને રાપર તાલુકાઓમાંથી અશ્મીભૂત અવશેષો અને પાષાણ-યુગનાં વિવિધ કાલનાં હથિયારો પ્રાપ્ત થયાં.[1] (આ હથિયારો પૈકીના ઘણા નમૂના કચ્છ સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે તેમજ થોડાક પુરાતત્ત્વ અધીક્ષકશ્રી કચ્છ વર્તુળ, ભૂજની કચેરી ખાતે સચવાયા છે.)

છેલ્લા બે દાયકાથી પ્રાગૈતિહાસિક અધ્યયનના ક્ષેત્રમાં એક નવું પરિણામ ઉમેરાયું છે. પહેલાં અધિકાંશ પુરાતત્ત્વવિદો 'કૃત્યાવશેષો'(artifacts)ના પ્રકાર, તકનીક, કાલક્રમાનુસાર વિકાસ અને પાષાણ તથા વાસણ-કૃત્યાવશેષોના સમૂહોના ક્રમબદ્ધતા અને ક્ષેત્રીય સંબંધો સ્થાપિત કર્યા કરતાં, પરંતુ હવે થોડાક સમયથી વિદ્વાનો કૃત્યાવશેષોનાં ઉપર્યુક્ત પૃથક્કરણોની સાથે-ખાસ તો ભૂસંરચના, આદ્યજીવવિજ્ઞાન (વનસ્પતિ અને પ્રાણીઓ) અને આદ્ય હવામાન ઇત્યાદિના વિશદ અભ્યાસ ઉપર ભાર મૂકી, પ્રાગૈતિહાસિક સભ્યતાને એક પૂર્ણ નિવસનતંત્ર રૂપે માનવી અને કુદરતના સંસર્ગમાં થયેલા એના વિકાસના અભ્યાસને વધુ ભાર મૂકવાની નવી વિચારપ્રણાલી અપનાવવા લાગ્યા છે, એટલે કે બને તેટલું જે તે સમયના માનવી અને એના પર્યાવરણના સંદર્ભમાં એના ઈકોલૉજિકલ સંબંધો વિષયે જાણવું અને તેથી કૃત્યાવશેષોને(artifacts)ને કોઈ પણ સંસ્કૃતિનું એક પાસું માત્ર-જો કે ખૂબ જ અગત્યનું સમજવામાં આવે છે. આવા અભ્યાસને ઘણા અન્યાન્ય પુરાવાઓની આવશ્યકતા રહે છે, જેમાં પ્રાણીઓ વનસ્પતિઓ અને અન્ય કાર્બોદિત અવશેષોની સાંસ્કૃતિક અને ભૂસ્તરીય રચના-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એના સંસર્ગમાં અભ્યાસ કરી માનવ-ઉત્ક્રાંતિને જે તે વખતના પર્યાવરણીય ભૌગોલિક હવામાન પ્રતિ એના પ્રત્યુત્તરને જાણવાનું રહે છે, કેમકે ખરેખર તો માનવ-ઉત્ક્રાંતિ પર્યાવરણની જ એક દેન છે.

ગુજરાતની ભૂભૌતિકતાનો અભ્યાસ આવી રીતે ૧૮૯૮ માં આર્ઇ. બી. ફૂટેએ કર્યો.[૨] ત્યાર પછી એફ. ઇ. ઝૂનર (૧૯૫૦)[૩], કે. આર. યુ. ટૉડ (૧૯૩૯)[૪], ડી. પી. અગ્રવાલ, આર. કે. અવાસિયા, સ્ટાટીરા ગુર્જર (૧૯૭૩)[૫], એસ. કે. ગુપ્તા (૧૯૭૨)[૬] એસ. એન. રાજગુરુ (૧૯૭૬)[૭] અને હાલમાં જ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પુરાતત્ત્વ વિભાગના વડા કે. ટી. એમ. હેગડેએ આ દિશામાં કાર્ય કર્યું છે. કચ્છના ભૂસ્તરીય ઇતિહાસ વિશે કે જે આદિ માનવની વસાહતો સાથે સંબંધ ધરાવે છે તેની આપણને ખૂબ જ ઓછી જાણકારી મળે છે. વિદ્વાનો સામાન્ય રીતે કચ્છના ભૂસ્તરને ઉત્તર બાજુના સિંધ અને દક્ષિણમાં સૌરાષ્ટ્ર તથા પૂર્વમાં રાજસ્થાન અને ગુજરાતનાં પાડોશી ક્ષેત્રોની જેમ શુષ્ક પ્રદેશનો એક વિસ્તાર માને છે.[૯] સૌરાષ્ટ્રની જેમ કચ્છને પણ લાંબો સમુદ્રકાંઠો છે. કચ્છ શુષ્ક (એરિડ) ક્ષેત્ર હોવા છતાં ચારે બાજુ સમુદ્ર હોઈ હવામાં ભેજનું પ્રમાણ ઘણું હોય છે. છેક ભૂજ જેવા ક્ષેત્રના નજીકનાં (લેર રતનાલ વગેરે) ગામોથી અશ્મીભૂત જળચરો મળતાં હોઈ કચ્છનો મોટો ભાગ દરિયા હેઠળ હશે એવું જણાય છે. કચ્છમાં રાજસ્થાનના થરના મરુ પ્રદેશમાં મળતા માટીના ટીંબા નથી. મધ્ય કચ્છનો ઊંચો પ્રદેશ જામી ગયેલ લાવા-ખડકોથી બન્યો છે. કરોડો વર્ષો પૂર્વે દરિયાની સપાટીથી સમુદ્રભાગો ઊંચકાતાં ઉત્તર અને પૂર્વમાં ખાબોચિયા જેવું રણ કચ્છને મળ્યું છે. આ રણની સપાટી ઉનાળામાં સુકાઈને કઠણ પડ જેવી થઈ જાય છે. ચોમાસા અને ભરતીમાં જ્યારે એક બાજુ નદીઓનું પાણી આ રણમાં પડે છે અને બીજી બાજુ અરબી સમુદ્રમાંથી ભરતી આવે છે ત્યારે આ વિસ્તાર દરિયાઈ ઝીલ જેવો થઈ જાય છે. દક્ષિણનો કંઠી વિસ્તાર મધ્ય કચ્છના ઉચ્ચ પ્રદેશોથી નીકળતી નદીઓનાં મીઠા પાણીથી તેમજ ભૂગર્ભ જલથી સિંચિત હોઈ કૃષિયોગ્ય બન્યો છે.

ભૂભૌતિક વિજ્ઞાનના હિસાબે આવું જણાય છે કે આજે જ્યાં ઉત્તર ભારતનો ગંગા અને સિંધનો મોટો સપાટ અને ફળદ્રુપ મેદાની વિસ્તાર છે તે પહેલાં ટીથિયસ નામનો સમુદ્ર હતો અને દ્વીપકલ્પ ભારત આફ્રિકાના પૂર્વ કાંઠા સાથે જોડાયેલ હતો. કાલાંતરમાં ભારત દ્વીપકલ્પ ઉત્તર તરફ ખસતાં ખસતાં ટીથિયસ સમુદ્રની જગ્યા પાર કરી એશિયાખંડ સાથે જોડાયો. આ જોડાણથી સમુદ્ર તો નીકળી જ ગયો. સાથે-સાથે દ્વીપકલ્પના સતત દબાણથી આ ભાગની જમીન ઊંચકાવા લાગી અને આપણા આજના હિમાલયનો જન્મ થયો. દ્વીપકલ્પ ભારતનું દબાણ એટલું તીવ્ર છે કે આજે પણ હિમાલયની ઊંચાઈ સતત વધતી રહે છે. હિમાલયના ઊંચકાવાથી ત્યાં ભૂભૌતિક પરિવર્તનો પણ સતત થયાં છે. નવી નવી ટેકરીઓ બની. અમુક ટેકરીઓ તો પૃથ્વી ઉપર પ્રાણીઓના ઉત્ક્રાંતિ કાલ દરમ્યાનની જ છે અને તેથી આ ટેકરીઓનાં પડોમાં આજે પણ જીવાશ્મોના અસંખ્ય નમૂના પ્રાપ્ત થાય છે. આવી ટેકરીઓ આદ્ય ભૂસ્તરવિજ્ઞાન અને આદ્ય પ્રાણિવિજ્ઞાનના અભ્યાસીઓ માટે ખૂબ જ અગત્યની થઈ ગઈ છે. પર્વતો પ્રમાણમાં ખૂબ જ નાની વયના હોઈ પ્રાણીઓના અવશેષો નીચે ને નીચે જ દટાતા જાય છે. હિમાલયની ભૂભૌતિક રચનાના અભ્યાસીઓ માટે કાશ્મીરનું સંશોધન કરતાં તેરા અને પિટર્સનને[૧૦] જણાયું કે કાશ્મીર ખીણશ્મ(સોન ખીણ)ના આદ્યપાષાણયુગીન ગોળાશ્મ હથિયારો (લોઅર પેલિયોલિથિક પેબલ ટૂલ્સ)નો જથ્થો આજે જે પરિસ્થિતિમાં મળે છે તે ખરેખર તો આના કરતાં જુદા પ્રકારની જ પરિસ્થિતિમાં જ તૈયાર થયો હતો અને આજે જે રીતે મળ્યો છે તેનું કારણ હિમાલયના પર્વતોમાં સતત વધતી ઊંચાઈ છે. પિટર્સનના અભ્યાસે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બતાવી આપ્યું છે કે સોન ખીણનાં ઓજારો મોડેના પ્લાયસ્ટોસિન યુગનાં છે અને શિવાલિક કે અન્ય નવા બનેલ પર્વતોની ટેકરીઓમાં સતત ઊંચકાતાં હિમાલયનાં પડોમાં નીચે નીચે અને નીચે દટાતાં જાય છે, તેથી ઉત્તર ભારતની પ્રાગૈતિહાસિક પ્રથમ માનવસભ્યતાના અભ્યાસ અને દેશના અન્ય ભાગો સાથે સરખામણી માટે એ સમયના હિમાલયનાં ભૂસ્તર અને પર્યાવરણનો અભ્યાસ કરવો જરૂરી છે. પિટર્સનના વિધાન પછી પ્રાગૈતિહાસિક કાલના અભ્યાસીઓએ સમગ્રરૂપે ભારત અને વિશિષ્ટરૂપે પશ્ચિમ ભારતની ભૌતિક સંસ્થાના અભ્યાસમાં રસ લેવા લાગ્યા ત્યારે જણાયું કે વાસ્તવમાં સમસ્ત વિશ્વની જેમ ભારતીય ઉપખંડ પણ સ્થાયી અને અસ્થાયી વાતાવરણીય પરિવર્તનોનો ભોગ બન્યો છે.

આ અભ્યાસોના ફલસ્વરૂપે આપણને ખ્યાલ આવે છે કે કચ્છ ન તો કાયમ ખુશ્કીવાળો રણ-પ્રદેશ રહ્યો છે કે ન તો કાયમી લીલો અને ભેજયુક્ત વનપ્રદેશ. ખરેખર છેલ્લા હિમપ્રપાતયુગના અંત સાથે કચ્છમાં સમયે સમયે લીલોતરીવાળી અને શુષ્ક બેઉ પરિસ્થિતિઓ સર્જાતી રહી છે. કચ્છની ભૂસ્તરીય રચના વચ્ચે લાવા-રસની ટેકરીઓને ચારે બાજુ પથરાયેલ-એક બાજુ જયાં પરવાળાં અને જીવાશ્મીય ચૂનાના થરોથી બની છે, તો બીજી બાજુ વાગડ અને બન્નીનો પ્રદેશ તથા સિંધના કાંપ અને રાજપૂતાનાની મરુભૂમિનો ભાગ છે. ઉત્તરીય કચ્છ સીધે-સીધો સિંધ રાજપૂતાના અને પંજાબના સપાટ ભાગોના રસ્તે હિમાલય સુધી ધરાતલીય સપાટ પ્રદેશની એક પહોળી ગલી જેવા વિસ્તારથી સંકળાયેલ છે,[૧૧] તેથી શિયાળામાં ગુજરાતના અન્ય વિસ્તારોની અપેક્ષાએ અહીં ઠંડી વધુ સખત પડે છે. કાંઠાનો વિસ્તાર ભૂજની ઊંચાઈથી ન કેવળ આ ઠંડીથી સુરક્ષિત રહે છે, દરિયાઈ ભેજથી ઉષ્ણતા પણ મેળવે છે.

મોડેના-પ્લાયસ્ટોસિન યુગમાં કે જ્યારે વિશ્વમાં ખાસ તો આફ્રિકા એશિયા અને પશ્ચિમ યુરોપમાં માનવની ઉત્ક્રાંતિની સૌથી સારી વાતાવરણીય પરિસ્થિતિનું નિર્માણ થયું હતું ત્યારે કચ્છમાં પણ સરસ વસવાટ કરવાની પરિસ્થિતિ હતી. રિમોટ-સેન્સિંગ પદ્ધતિથી મેળવેલ ઉપગ્રહ-ચિત્રો જણાવે છે કે કચ્છના ઉત્તરમાં પ્રાંથળ અને દક્ષિણમાં મુંદ્રા સુધીના વિસ્તારમાં પ્લાયસ્ટોસિન પૂર્વેના સમયનો લીલો પટો જોવા મળે છે, જે પાછળથી રેતીના થરો નીચે દબાઈ ગયો (શુષ્ક સમયમાં), તો વાગડ અને ઉત્તર ગુજરાતના ભૂસ્તરીય અભ્યાસોમાં વિદ્વાનોએ[૧૨] રેતીના અશ્મીભૂત થયેલ મોટા ટેકરાઓ (આ ટેકરાઓ આજે રેતિયા પથ્થરના ટેકરા જેવા લાગે છે, ખરેખર તો આ ટેકરા જામી ગયેલ રેતીના ઢીંબા જ હતા.) જેવા છે. આ અશ્મીભૂત રેતીના ટેકરાઓ છેક દિલ્હીથી વડોદરા સુધીનો વિસ્તાર દર્શાવે છે, તેથી આલ્ચીન અને હેગડે વગેરે જણાવવા પ્રેરાય છે કે મધ્ય-પ્લાયસ્ટોસિન યુગમાં રણનો વિસ્તાર આજે છે તેના કરતાં વધારે વિસ્તૃત હતો, પરંતુ મોડેના પ્લાયસ્ટોસિન યુગમાં હવામાં ભેજનો વધારો થતાં વનસ્પતિયુક્ત વિસ્તારનો વધારો થયો અને ઉત્તર-ગુજરાત સિંધ કચ્છ સૌરાષ્ટ્ર અને રાજપૂતાનાના શુષ્ક પ્રદેશોમાં ઘાસ-ચારાની સુવિધા વધી, ઘાસ-ચારો વધતાં તૃણભક્ષીઓ અને કંદમૂળ-ફળોનું પ્રમાણ ખૂબ જ વધ્યું. આ બેઉ આદિમાનવના ઉછેર માટે ખૂબ જ જરૂરી હતું, તેથી જ્યારે આ લીલોતરી વધી ત્યારે જ માનવનો ઉદ્ભવ (જો આપણે પ્રોફેસર ચોપરાનો મત સ્વીકારીએ તો)[૧૩] અથવા આગમન (જો માનીએ કે એ આફ્રિકાથી અથવા ઈન્ડોનેશિયાથી આવ્યો હોય તો) થયો. રિમોટ-સેન્સિંગ ચિત્રો આપણા કચ્છનાં રજૂ કર્યાં છે તે બતાવે જ છે કે મોડેના પ્લાયસ્ટોસિન યુગમાં કચ્છ ભેજયુક્ત લીલોતરીથી આચ્છાદિત પ્રદેશ હતો.

ધીમે ધીમે વાતાવરણમાં પરિવર્તન આવ્યું અને શુષ્કતા વધતી ગઈ. એના લીધે રેતીના થરોમાંથી વનસ્પતિ લુપ્ત થઈ ગઈ અને રેતાળ વિસ્તાર વધ્યો, પરંતુ આ પરિસ્થિતિમાં હિમાલયવિસ્તારમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુષ્કળ ઉષ્ણતામાં વધારો થતાં, રણપ્રદેશમાં હળવો ભેજ ફરી વળ્યો. સંપૂર્ણ પશ્ચિમ ભારતમાં મધ્ય પાષાણયુગનાં હથિયારો આજ યુગના થરોમાં મળે છે. ફટાયેલ લાલ માટીના થરો આ સમયના ભૂસ્તરમાં દેખાયા છે, જે પુષ્કળ પ્રમાણમાં વનસ્પતિની પેદાશ જણાવે છે. કચ્છના લીલા પટા સિવાય અન્ય ભાગોમાં પણ આ સમયે વનસ્પતિ વધવા સાથે માનવ–વસવાટ લાયક સ્થળોમાં વધારો થયો જણાયો છે. પુરાતત્ત્વ ખાતાની શોધો દરમ્યાન તેથી જ મધ્ય અને ઉત્તર પાષાણયુગનાં હથિયારો સારા પ્રમાણમાં મળ્યાં છે.[૧૪] આ યુગની ખાસિયત એવી છે કે માનવ-જનસંખ્યામાં સ્થાનિક ભેદોનો પણ વિકાસ નોંધાતાં સ્થળ–સ્થળના કૃત્યાવશેષોમાં સ્થાનિક છાંટ જુદી તરી આવે છે.

છેલ્લે વધારે પડતી જનસંખ્યા અને લીલોતરીના ભયંકર વિનાશને લીધે (વધુ પડતાં ઘેટાં બકરાં જેવાં પ્રાણીઓ દ્વારા) તથા હવામાનના અન્ય ફેરફારને લીધે સંપૂર્ણ પશ્ચિમ ભારતમાં ફરીથી શુષ્ક કાલ શરૂ થાય છે. વિદ્વાનોનું માનવું છે કે આ જ કાલ દરમ્યાન શુષ્કતા વધતાં દુષ્કાળોની હારમાળા સર્જાવા લાગી અને હડપ્પીય લોકોની વસાહતો ભાંગી પડી.

પશ્ચિમ રાજસ્થાનમાં આ સમયની પાણીના અભાવે સુકી ને અસ્મીભૂત થઈ ગયેલ નદીઓના સંખ્યાબંધ અવશેષો આલ્ચીન અને હેગડેએ શોધ્યા છે.[૧૫] આજે કચ્છ સેમિએરિડ પરિસ્થિતિમાં છે.

આપણે જોયું કે ભૌતિક અને વાતાવરણીય પરિવર્તનોનો અભ્યાસ માનવ–ઉત્ક્રાંતિના ક્રમને જાણવામાં કેટલી મદદ કરે છે. હવે જોઈએ કે કચ્છમાં માનવ–વિકાસ કેમ શરૂ થયો. માનવ-વિકાસના પુરાવા–રૂપે આપણી પાસે છે માત્ર અત્ર-તત્ર મળતાં પાષાણયુગનાં હથિયારો, એ સિવાય કશું બીજું હોય તો હવે કાંતો એ નષ્ટ થઈ ગયેલ છે અથવા તો જડયાં નથી.

આપણે પૂર્વે જોયું તેમ, કચ્છમાં ગુજરાતનાં અન્ય સ્થળોની અપેક્ષાએ પુરાતત્ત્વક્ષેત્રે પ્રાગૈતિહાસિકયુગ ઉપેક્ષિત રહ્યો છે અને જરા વધુ અસ્પર્શ રહ્યો છે, તેથી જે કાંઈ છે તેને જ આપણે આપણા અભ્યાસનો આધાર માનીએ. કચ્છમાં ત્રણ સ્થળેથી આદ્ય પાષાણયુગનાં ઓજારો મળ્યાં છે. નખત્રાણા તાલુકાના અંગિયા ગામ પાસે ભૂખી નદીમાં, ભુજેડી, ધરૂડ નદી (દેશલપર–ગૂંતળી પાસે) અને રાપરમાં ભુટકિયા ગામ પાસેથી પ્રાપ્ત થયાં છે.

ડિસેમ્બર, ૧૯૬૭માં[૧૬] ડેક્કન કોલેજ–પૂનાના પુરાતત્ત્વવિદોએ ભૂખી નદીના કટાવવાળી કાંપની ત્રણ ફૂટ ઊંચાઈ સુધીમાં સંશોધન દરમ્યાન, જમીનના જામી ગયેલ માટીના પડમાંથી ડોલેરાઈટની મોટી ફ્લેક્સ (પથ્થરનાં છીપરા) મેળવી. આ હથિયારો બેસાલ્ટ અને ચર્ટનાં બનેલ છે. એ ફ્લેક્સો છે. એમાંથી હેન્ડએકસ (હાથ–કુહાડી), સ્ક્રેપર્સ (રંદા જેવી ઘસવા માટેની ફરસી), કલીવર્સ (કુહાર), ચોપર્સ (છૂંદવાનાં હથિયાર) વગેરે બનાવાયાં છે.

ધરૂડ નદીના કાંઠેના નખત્રાણા તાલુકાના દેશલપર–ગૂંતળી નામની નજીક ગૂંતળીગઢના મધ્યકાલીન અવશેષો પાસેથી ત્રણ હાથ–કુહાડીઓ મળી આવી છે (એ કચ્છ સંગ્રહાલયમાં પ્રદર્શિત છે). આ ત્રણ હાથ–કુહાડીઓમાંની બે ઘેરા રતાશ પડતા રંગની અને એક પીળા રંગના ક્વાર્ટ્ઝેટિક રેતિયા પથ્થરમાંથી બનેલી છે. એક કુહાડી લાંબા આકારની ચારે બાજુએ ધાર કાઢેલી છે. એના હાથાનો ભાગ ભરાવદાર અને બંને બાજુએ ઊપસેલો છે. બીજી કુહાડી પીળા રેતિયા પથ્થરની બનેલી છે તે પાન–આકારની (Heart shaped) છે. એને બનાવતી વખતે બંને બાજુથી હળવા હાથે છીપરાં છોલવામાં આવ્યાં છે. થોડાક અંશે એ લંબગોળ છે. ઘેરા રાતા રંગના ક્વાર્ટની ઈંટ સેન્ડસ્ટોનમાંથી બનેલ છે તેમાં ઉપરથી પાતળી છીપરાની છાલ જેવી કાઢવામાં આવી છે.

ભુજેડી પાસે મળેલ હથિયારોમાં હાથકુહાડીઓ ખૂરપીઓ અને ફરસીઓનો સમાવેશ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોટા ભાગનાં ઓજારો ક્વાર્ટજાઈટમાંથી જ બનાવેલ છે. ભુજેડી પાસેથી બીજાં અનેક ઓજારો પુરાતત્ત્વ ખાતાના એ વખતના અધીક્ષક શ્રી ચિત્તલવાળાને[૧૭] પ્રાપ્ત થયાં હતાં, પરંતુ એઓ આ હથિયારોને પરિવર્તનની કડીસમાન ગણી મધ્ય પાષાણકાલની શરૂઆત અથવા આદ્ય પાષાણકાલના આખરી તબક્કામાંનાં માને છે. જો એવું હોય તો એ ખરેખર નોંધપાત્ર ઘટના પ્રાગૈતિહાસિક માનવ–ઉત્ક્રાંતિની ગણાય, કેમકે આવી કડીઓ આપણને બતાવશે કે ભારતમાં યુરોપની જેમ માનવ–વસવાટ કટકે કટકે નહિ, અપિતુ સળંગ અને ક્રમબદ્ધ છે.

કચ્છથી પ્રાપ્ત આદ્ય પાષાણયુગીન હથિયારો મોડેના પ્લાયસ્ટોસિન યુગનાં મનાય છે (વર્ટિકલ ઉત્ખનનના અભાવે થોડું નિશ્ચિતપણે કહેવું જોઈએ નહિ); જોકે આ વિધાન આપણે માત્ર અન્ય સ્થળોએથી મળેલ આવાં જ હથિયારોના સ્થળના સ્તર–અભ્યાસ (સ્ટ્રેટોગ્રાફી)ને આધારે જ કહી શકીએ– ખાસ કરીને સિંધ, રાજસ્થાન અને ગુજરાતમાં થયેલ ઉત્ખનનોને આધારે. ધરૂડ અને ભૂખી નદીથી પ્રાપ્ત આદ્ય પાષાણયુગીન હથિયારો કે જેમાં હાથકુહાડા અને કુહાડી (ચોપર અને હેન્ડએક્સ) મુખ્ય છે, જે દેશના અન્ય ભાગોની જેમ મોડેના પ્લાયસ્ટોસિન યુગનાં જ હોય એમ જણાય છે.

ટર્શિયરી યુગનો અંતિમ કાલ અને ક્વાર્ટનરી યુગનો પ્રારંભ–કાલ એ યુરોપ અમેરિકા તથા દુનિયાના ઉત્તર ભાગમાં અત્યંત ઠંડા હવામાનને કારણે સામાન્ય રીતે હિમકૃત–યુગ (ગ્લેશિયલ પીરિયડ) તરીકે ઓળખાય છે. ભારત વિષુવવૃત્તની નજીક હોઈ કદાચ હિમકૃત યુગમાંથી પસાર ન થયો હોય અને તેથી અહીં હિમયુગ દરમ્યાન માત્ર ઠંડા ભેજવાળું હવામાન રહ્યું હોય (પ્લુવિયલ) એમ મનાય છે, પરંતુ હિમયુગનો પ્રભાવ ભારત પર સ્પષ્ટ દેખાય છે. ખાસ કરીને હિમાલય અને એની તળેટીનો ભાગ હિમાવરણોથી પસાર થયો હતો એ ચોક્કસ છે, પરંતુ દક્ષિણમાં આવી પરિસ્થિતિ હતી કે કેમ એ કહેવું અઘરું છે. ભૂસ્તરશાસ્ત્રીઓ તથા પ્રાચીન પ્રાણી–વિદ્યાશાસ્ત્રીઓના મત પ્રમાણે આ પ્લાયસ્ટોસિન યુગમાં બીજા હિમાવરણ કાલનાં અંતમાં ઓજારો બનાવનાર બુદ્ધિશાળી અથવા અક્કલવાન મનુષ્ય (હોમોસેપિયન) અસ્તિત્વમાં આવી ગયો હતો.

ઉત્ક્રાંતિની શૃંખલામાં કપિ–સમુદાયમાં અંતિમ ચરણમાં પુચ્છ–રહિત વાનર–પરિવારની જ એક શાખામાં મનુષ્યને પણ સમાવી લેવાયેલ છે. આપણા પુરોગામીઓ નિશ્ચય જ આપણાથી વિપરીત, પ્રથમ તો ચિમ્પાઝી અથવા ગોરિલાની જેમ ચોપગા જ હતા, પરંતુ એમના એક વિકસિત સ્વરૂપે બે પગે ઊભા રહેવાનું શરૂ કર્યું, પરંતુ શું આ સ્વરૂપને માનવી તરીકે સ્વીકારી લેવું જોઈએ? આ પ્રશ્નનો ઉત્તર જાણવા પહેલાં આપણે એ જાણવું પડશે કે ઉચ્ચ કપિઓ (કપિ એટલે પુચ્છ વગરના વાનરો) અને માનવો વચ્ચે ભેદરેખા ક્યાં પાડવી. અત્રે યાદ રાખવું ઘટે કે વાણીના માધ્યમ થકી વિચારોની આપ–લે પહેલાં પણ માનવી અસ્તિત્વમાં તો હતો જ, તેથી નૃવંશવિદો માને છે કે અન્ય પુચ્છહીન વાનરોથી જે કોઈ ખૂબી માનવીને જુદો તારવી શકે એમ છે તો એ છે શારીરિક ક્ષમતા, ઉપરાંત પોતાના કાર્ય માટે અન્ય વસ્તુઓને હથિયાર તરીકે ઉપયોગમાં લાવવાનું. એમાં પણ ખાસ કાર્ય માટે ખાસ હથિયારો ઘડવાં અથવા તૈયાર કરીને પછી એનો ઉપયોગ, આ માત્ર માનવ જ કરી શકે એમ છે. જૂની દુનિયા (અમેરિકાના ખંડો સિવાયના વિશ્વ)માં[૧૮] દરેક સ્થળે પુરાતત્ત્વવિદોએ આજે ઠેક–ઠેકાણેથી આવાં પથ્થરનાં હથિયારો શોધી કાઢ્યાં છે કે જે ન કેવળ માનવીના અસ્તિત્વ ઉપર પ્રકાશ નાખે છે, બલ્કે પુરાતાત્ત્વિક સ્તરવિજ્ઞાન અને ભૂભૌતિકીના અભ્યાસ થકી માનવીના સાંસ્કૃતિક વિકાસની પણ કડીબદ્ધ માહિતી આપણને આપે છે. તાન્ઝાનિયા (પૂર્વ આફ્રિકા)-ની રિસ્ટ–ખીણમાંની પૂર્વ શાખાના નિમ્ન અને મધ્ય પ્લાયસ્ટોસિન થરો માનવ–ઉત્ક્રાંતિ સાથે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાષાણ-તકનીકના વિકાસની સર્વોત્તમ ક્રમબદ્ધ શૃંખલા પ્રસ્તુત કરે છે. આ છે 'ઓલ્દુવાન ખીણ.' સને ૧૯૫૧ થી ઓલ્દુવાનની ખીણે પ્રાગૈતિહાસવિદોનું ધ્યાન આકર્ષ્યું છે. આ ખીણમાં અવશેષોના ઠોસ અભ્યાસથી નૃવંશજ્ઞ લીકેને લાગ્યું કે અહીં લગભગ અઢાર લાખ વર્ષો પહેલાં આજના માનવી કરતાં જુદી કિસમનાં, પણ માનવ જેવાં પ્રાણીઓ કુદરતી ઢા જેવા પથ્થરોમાંથી તદ્દન ચીલાચાલુ હથિયારો બનાવતાં હતાં, જેમાં હતાં હાડકાં અથવા ફળ-મૂળ છૂંદવા માટેના કુહાડા અને પથ્થરનાં છીપરાં (ફ્લેકસ). આ હથિયારોને પાછળથી 'ઓલ્દુવાન ટૂલ્સ' જ નામ અપાયું.[૧૯]

ફ્રાંસમાં લેવલોને ખાતે દ' લ્યૂમલ અને એના સાથીઓ દ્વારા ૧૯૫૯ અને ૧૯૬૨ દરમ્યાન કરેલ ઉત્ખનનમાં કુહાડા અને ભિનતરાશેલ છીપરા(ચોપર્સ અને અનરીટરડ ફ્લેકસ)નો નાનો છતાં અગત્યનો જથ્થો ધ્યાન પર આવ્યો હતો. આ કૃત્યાવશેષો સાથે સારા પ્રમાણમાં પ્રાણી-અવશેષો પણ મળ્યા,[૨૦] જોકે લ્યૂમલે થોડા આ કૃત્યાવશેષોને અને જીવાશ્મોને આધારે વધારે જ પ્રાચીન (મધ્ય ગ્લેશિયેન યુગ) સમયના માને છે;[૨૧] જો કે પાછળથી જાગુઈરની દક્ષિણ-પૂર્વ સ્પેઈનના કેન્ડીઝ સ્થળના સંશોધને પાષાણની આ પ્રાચીન માનવસર્જનાને ઠીક ઠીક પાછળ તો ધકેલી જ છે.[૨૨]

આપણા એશિયામાં પણ છેક સોવિયેત મધ્ય એશિયાથી ચીન સુધી બ્રહ્મદેશ અને જાવાને ભેદતા પ્રાચીન માનવ અને એના કૃત્યાવશેષોના વિસ્તૃત થરો દેખાયા છે. આ જ થરમાંનો દક્ષિણ વિસ્તાર આપણા કાશ્મીરના ખીણવિસ્તારના સોનેવેલીના ગોળાશ્મ હથિયારોનો પણ છે; આ તબક્કો જો કે ઓલ્દુવાન-તબક્કાથી પછીનો છે. ભારતમાંના આ તબક્કાના કુહાડા(ચોપર્સ)ને સોનવેલીના નામે 'સોન-સંસ્કૃતિ' તરીકે જ ઓળખવામાં આવે છે. સોન પ્રકારનાં ગોળાશ્મ હથિયારોના અસંખ્ય નમૂના ડાંગમાં અંબિકા અને પૂર્ણાની ખીણોમાં પણ ડી. બી. ચિત્તળેએ શોધ્યા છે, પરંતુ એના વિશે પૂર્ણ સંશોધન ન થયું હોઈ સોન-ખીણ સાથે સંબંધ જાણી શકીએ નહિ,[૩૩] પરંતુ ભારતીય દ્વીપકલ્પમાં માત્ર આશુલિયન પ્રકારનાં જ (સારી રીતે તરાશેલી હાથ-કુહાડી જેવાં હથિયારો કે જે પાછળના કાળનાં માનવામાં આવે છે અને ફ્રાંસના આશુલ વિસ્તારના નામે ઓળખાય છે) હતાં એવું માનવું લેખકને અપ્રતીતિકર લાગે છે. બલ્કે સોનવેલી જેવાં અને પ્રાક્-સોનવેલી જેવાં હથિયારો અન્યત્ર પણ મળ્યાં છે. ભલે ને આપણે સ્વીકારીએ કે મોટા ભાગના દ્વીપકલ્પથી પ્રાપ્ત આદ્યાશ્મો આશુલિયન પ્રકારના જ છે.

નૃવંશશાસ્ત્રીઓ આફ્રિકન આદિ માનવને 'ઑસ્ટ્રાલોપિથેસિન અને પેકિંગ તથા જાવાના આદિ માનવને પિથેકેન્થ્રોપસ' એવું નામ આપે છે, એમાં પણ દક્ષિણ આફ્રિકાથી પ્રાપ્ત જિન્જેન્થ્રોપસ સૌથી પ્રાચીન અને માનવ-સમ પ્રાણી હતું એવું માને છે. ક્રમાનુસાર જોઈએ તો પિથેકેન્થ્રોપસ ઑસ્ટ્રાલોપિથેકસથી પાછળના કાલને માનવ-પૂર્વજ હોવાનું માનવામાં આવે છે.

આપણે સ્વીકારવું પડશે કે આદ્યપાષાણ ભારતીય સંસ્કૃતિ વિશે આપણે કશું વિશેષ જાણતા નથી, પરંતુ શેષ વિશ્વની અન્ય જગ્યાઓના પુરાવા પણ એમાં કશો ઝાઝો ઉમેરો કરતા નથી. આ માનવ પૂર્વની મુખ્યત્વે આવા તદ્દન નષ્ટ થઈ જતા હોય તેવા કાર્બોદિત પદાર્થોવાળી વસ્તુઓ વાપરતા હશે કે જે એ વખતે સહેલાઈથી ઉપલબ્ધ થતી હતી; જેમકે શિકાર માટે લાકડાના થડની ગાંઠ સાથેની શાખ, વાંસ અથવા નળની અણીદાર લાકડી ભાલા તરીકે અને ભાંગેલ હાડકાની ધારદાર અણીઓ નજીકથી પેટમાં ઘુસાડી દેવા માટે તેથી એમને કદાચ નવી જાતની વધારે કડાકૂટવાળી તકનીકી વિકસાવવાની જરૂરત જ ઊભી ન થઈ હોય, પરંતુ યદા-કદા મળતાં હથિયારો આટલું તો સૂચવે જ છે કે એ કાલમાં નહિ, પરંતુ માનવ જેવો વિકસિત અને બે પગે ઊભો રહી શકનાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાણી તો હતો જ. પ્રાગૈતિહાસિક આદ્યાશ્મયુગીન (પાષાણ, પ્રસ્તર અને અશ્મ ત્રણે શબ્દો પારિભાષિક તરીકે પુરાતત્ત્વવિદ્યામાં પથ્થરનાં ઓજારોનો સંદર્ભ આપવામાં વપરાય છે) સંસ્કૃતિની ખાસિયત આ છે કે એ ખૂબ જ લાંબા ગાળા સુધી (૧૭ થી ૧ લાખ વર્ષ પૂર્વ સુધી) અસ્તિત્વમાં રહી છે. ઓલ્ડુવાનની પ્રારંભિક સ્થિતિને ઓછામાં ઓછી ૪ થી ૫ લાખ વર્ષ માનીએ તો મધ્ય પાષાણકાલ સુધી કુલ ત્રણ લાખ વર્ષનો સમય પસાર થઈ ગયો હતો, જે માનવ–ઉત્ક્રાંતિની અત્યંત ધીમી ગતિ સૂચવે છે.

કચ્છમાં કોઈ પણ પ્રકારના પ્રાગૈતિહાસિક માનવીના અવશેષો ન મળ્યા હોઈ એ કઈ જાતિના હશે એ કહી શકાય નહિ. લીકે જે આફ્રિકન માનવીને શોધ્યો અને જેના અવશેષ પશ્ચિમ એશિયામાંથી પણ પ્રાપ્ત થયા છે તે ઓસ્ટ્રાલોપિથેકસ આપણા કચ્છમાં પણ હતો એમ માનવા સાંકળિયા જેવા પ્રખર પુરાવિદો પ્રેરાયા છે;[૨૪] જોકે શરૂઆતમાં એઓ પણ અન્ય વિદ્વાનોની જેમ માનતા હતા કે સૂકા અને વિષમ હવામાનને લીધે કદાચ કચ્છ અને સૌરાષ્ટ્ર માનવ–ઉદ્ભવ માટે પ્રતિકૂળ હોય. (અહીં પ્રાગૈતિહાસિક માનવના અવશેષ મળી શકે નહિ.)[૨૫] ખાસ તો હાલમાં મળેલ છીપરાં અને હાથકુહાડીઓ પછી એઓ માને છે કે ભલે સોનવેલીનો માનવી ચીન અથવા જાવાના માનવી જેવો હોય (નૃવંશ-વિજ્ઞાનીઓની ભાષામાં બેઉને પિથેકેન્થ્રોપસ અને એમની સ્થળજાતિને સીનેન્થ્રોપસ તથા સોલોમેન અથવા જાવામેન નામ આપે છે), પરંતુ આ બાજુ ઓસ્ટ્રાલોપિથેકસ હોય એ વધુ પુરવાર થાય છે. પિથેકેન્થ્રોપસ પૂર્વ અને ઉત્તર એશિયા સાથે ભારતમાં પણ કાશ્મીર-ખીણ હિમાલય વિસ્તાર અને ઉડીસા તથા ગંજામ જેવા પૂર્વીય ભાગો સુધી સીમિત રહ્યો હોય એવું પણ બને, કેમકે એનાં પથ્થરનાં હથિયારોની બનાવટ સોનવેલી–ટાઈપની રહી છે અને બ્રહ્મદેશમાં તો એ બનાવટ મહાપાષાણયુગ સુધી જણાઈ છે.[૨૬]

આ સત્ય છે કે ઓલ્ડુવાન–પ્રકારનાં હથિયારો ફક્ત ઓસ્ટ્રાલોપિથેકસ (જીનસ સ્પેસીઝ ઓસ્ટ્રાલોપિથેસિન) કપિમાનવો જ બનાવતા હતા. ઓલ્ડુવાન પછી અન્ય સ્થળોએથી પણ ઓસ્ટ્રાલોપિથેસિન લોકોના અવશેષો આફ્રિકાનાના દક્ષિણ ભાગોમાંથી મળ્યા છે. (ડાર્ટ એનું નામ આપે છે જિન્જાન્થ્રોપસ), પરંતુ આ પણ આટલું જ સત્ય છે કે દરેક ઓસ્ટ્રાલોપિથેસિન પ્રાણીના અવશેષો સાથે ઓલ્ડુવાન પ્રકારનાં હથિયારો મળતાં નથી, જ્યારે અન્ય જગ્યાએ એવાં હથિયારો મળ્યાં છે, જેમ ઉત્તર આફ્રિકાથી તો માનવ–અવશેષો મળતા નથી. આફ્રિકાથી બહાર તો આવો સંયોગ માત્ર પણ બન્યો નથી, વેલોને ખાતે છૂંદણ-કુઠાર હથિયારો (ચોપર-ચોપિંગ ટૂલ્સ) ઘણા પ્રાચીન સ્વરૂપે મળ્યાં છે, પરંતુ માનવ-પૂર્વજના અવશેષો જરા પણ નહિ. વેરટેરજેલોસ ખાતેના છૂંદણ-કુઠારો હોમો-ઈરેકટસ (પ્રથમ બે પગે ઊભી શકનાર માનવ-પૂર્વજો) સાથે જોડાયેલ છે, જે ઓસ્ટ્રાલોપિથેકસ લોકોની ઘણી પાછળ આવ્યા. એવી જ રીતે એશિયાઇ છૂંદણ-કુઠાર પટો પણ હોમો-ઈરેકટસ સાથે જ જોડાયેલ છે. બીજિંગ નજીક 'ચૌ-કૌ-તી-એન' ખાતે નો છૂંદણકુઠાર-ઉદ્યોગ (ગોપાશ્મોથી બનેલ કુઠારોના સમસ્ત પ્રકારને પુરાતત્ત્વભાષામાં નવું નામ આપવામાં આવ્યું છે 'ચોપર-ચોપિંગ ટૂલ્સ) સાથે સંકળાયેલ લોકો પિથેકેન્થ્રોપસ હતા કે જેઓ હોમો-ઈરેકટસની જ એક પ્રજાતિ હતા. ઓસ્ટ્રાલોપિથેકસની મોજૂદગી આ ક્ષેત્રમાં જણાય છે, પરંતુ એઓ હથિયાર બનાવવાની ક્ષમતા ધરાવતા હતા એ સંશયાત્મક છે.

સામાન્ય તારણ એવું છે કે પ્રસ્તરનાં હથિયારો બનાવવાની તકનીક પૂર્વ આફ્રિકાના ઓલ્ડુવાન ગામે કોંક જીનિયસ ઓસ્ટ્રાલોપિથેકસ માનવે શોધી અને એક વાર આ આવિષ્કાર થતાં એનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખૂબ જ ઝડપથી પ્રસાર થયો. આ પ્રસાર બે દિશામાં થયો : એક યુરોપ બાજુ અને બીજો એશિયા બાજુ,[૨૭] પરંતુ ઘણાંએક સ્થળોએ સ્વતંત્ર વિકાસને નકારી શકાય એમ નથી. દાખલા તરીકે લેવેલોન ખાતેના આ અશ્માયોગને ઓલ્ડુવાનને ઊત્તરીય વિકાસ કહેવાય છે, પણ એ સ્વતંત્ર રીતે વિકસિત હથિયારો છે એવું પણ ઘણા માને છે.[૨૮] અત્રે આ યાદ રાખવું ઘટે કે શારીરિક ક્ષમતાઓથી નિર્ણીત પ્રારંભિક તકનીકીય પ્રક્રિયા છૂંદણકુઠાર સ્તર માત્રથી જ શરૂ થાય છે; લેવેલોન ખાતે માનવ–અવશેષોને અભાવ જોકે બેઉ તર્કોને છેલ્લે તો અધ્ધર જ રાખે છે.

એશિયા તરફ પ્રસરેલ શાખાની ધારણા પણ ઘણી વિસંગતાઓથી ભરેલી છે. દાખલા તરીકે આ ખંડમાં કેમ ખૂબ જ લાંબા સમય સુધી પ્રારંભિક અપરિપક્વ ચીલાચાલુ હથિયારપરંપરા ચાલુ રહી ? આ વધુ સંશયાત્મક ત્યારે બની જાય છે કે જ્યારે આપણને જાણ થાય છે કે અન્ય ભાગોમાં હોમો-ઇરેકટસે એશુલિયન પ્રકારનાં હથિયારો બનાવવાં ચાલુ કરી દીધાં હતાં અને આ તકનીકની એશિયાઈ માનવોને ખબર જ ન પડી હોય એવું પણ નથી. દાખલા તરીકે ચીન ભારત અને પાકિસ્તાનની સીમા પર એશુલિયન હથિયારો છૂંદણ–કુઠારો સાથે મળ્યાં છે.

જ્યાંસુધી કચ્છનો પ્રશ્ન છે ત્યાંસુધી આપણે સમગ્ર પુરાતત્ત્વવિદ્યા ક્ષેત્રે થયેલ સંશોધનોને આધારે ત્યાંનાં હથિયારોને નજર સમક્ષ રાખીએ તો જણાશે કે આદ્યાશ્મ છૂંદણ–કુઠાર આપણે ત્યાં પણ ભુટાક્રિયા ગામેથી મળ્યા છે, જે એશુલિયન પ્રકારના છે. આપણી હાથકુહાડીઓ એશુલિયન પ્રકારની છે તેથી આ તો સ્પષ્ટ છે કે આદ્યાશ્મયુગની જાણીતી બેઉ હથિયાર–તકનીક આપણા આદિ માનવો જાણતા હતા. અથવા તો એમ કહીએ કે આ તકનીકને જાણનારા માનવો આપણે ત્યાં થઈ ગયા. આ હવે નિર્વિવાદ છે કે જો આફ્રિકન ઑસ્ટ્રાલોપિથેકસની શાખા ઉત્ક્રાંતિ દરમ્યાન એશિયામાં આવી હશે તો અને જો ભારત દ્વીપકલ્પ બાજુ પ્રસરી હશે તો કચ્છ એના માટે એક સારો ભૂ–સેતુ સમાન હતો, એશુલિયન પ્રકારનાં હથિયારો આપણે ત્યાં ભૂજમાં કનૈયા બે કૂબો પૈયા તેર ભચાઊમાં બીજ પાસર અને નખત્રાણામાં ઉગેડી ગૂંતલીગઢ, ચરખડા, લખવત ખાતે બરંદા, બરંદા થેગણી અને ગાદ્ય સેડી ખાતે યત્ર–તત્ર અલ્પ માત્રામાં પ્રાપ્ત થયાં છે.[૨૯]

સૌથી અગત્યની બાબત એ છે કે દક્ષિણમાં ડાંગથી માંડી સાબરમતી સુધીના ગુજરાતમાં ગોળાશ્મો મળના હોય તો કચ્છમાં પણ એવી જ સંસ્કૃતિના ચિહ્નનો ઈન્કાર ન કરી શકાય, તેથી જ્યારે કચ્છમાંથી આદ્યાશ્મયુગીન હથિયારો મળ્યાં ત્યારે સાંકાળિયાને લાગ્યું[૩૦] કે કચ્છની ખૂટતી કડી પુરવાર થઈ છે અને હેન્ડ એકસ–સંસ્કૃતિને શેષ ગુજરાત અને દ્વીપકલ્પ ભારત સુધી પ્રસાર કરવામાં ભૂસેતુની ગરજ કચ્છે જ સારી છે. વછે ભૂભૌતિક સંશોધને પુરવાર કર્યું જ છે કે કચ્છ મોડેના પ્લાયસ્ટોસિન યુગમાં ભેજવાળો સરસ લીલોતરી ધરાવતો પ્રદેશ હતો, તો કેમ અહીં માનવપૂર્વજ રોકાયો ના હોય અને વસવાટ ન કર્યો હોય ? આપણાસીમિત જ્ઞાનનાં સાધનો તો હવે સ્પષ્ટ નિર્દેશ આપે છે કે જીએશ્રોપસ[૩૧] એવું અતિ પ્રાચીન કપિમાનવ પણ કદાચ અહીં વસ્યો હોય અને ઑસ્ટ્રાલોબિયેકસ તો નિશ્ચય જ છેક લખપતથી રાપર સુધી તૃણભક્ષીઓનો શિકાર કરતો, કંદમૂળ ખાતો, અને બીયણ વનચરોથી પોતાની જાતોને રક્ષતો કચ્છની ધરા ઉપર કેમ ન રહ્યો હોય ? એના અવશેષો નથી, પણ પુરાવા તો છે.[૩૨]

પાદટીપો

૧. પુરાતત્ત્વ ખાતું; ગુજરાત રાજ્યના વાર્ષિક અહેવાલ ૧૯૭૭–૭૮, ૭૮–૬૯; ૮૦–૮૧, ૮૧–૮૨ અને ૮૩–૮૪.
૨. ફૂટે, આર. બી.; ધી જ્યોગ્રાફી ઑફ બરોડા સ્ટેટ, ૧૮૯૮
૩. ઝનર એફ. ઇ; સ્ટોન એજ એન્ડ પ્લાયસ્ટોસિન ક્રોનોલૅાજી ઈન ગુજરાત, પૂના, ૧૯૫૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪. ટોડ, કે. આર. યુ, વેલિયાલિથિક ઇન્ડસ્ટ્રી ઑફ બોમ્બે,—જનરલ ઑફ રૉયલ એન્થ્રોપોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટ, ૧૯૩૯, પા. ૨૫૯-૭૨

૫. અગ્રવાલ, ડી. પી./અવાસિયા આર. કે./ગુર્જર સ્ટાટીઈઃ રેડિયો કાર્બન એન્ડ ઇન્ડિયન આર્કિયોલૉજી, મુંબઈ, ૧૯૭૩

૬. ગુપ્તા, એસ. કે., ક્રોનોલૉજી ઑફ રેઝ્ડ બીચેજ એન્ડ કોરલરીફ્સ ઑફ સૌરાષ્ટ્ર કોસ્ટ; જર્નલ ઑફ જિયોલૉજી, ૧૯૮૪; પા. નં. ૫૫૭-૬૨

૭. રાજગુરુ, એસ. એન. 'ઑન ધ લેટ પ્લાયસ્ટોસિન ઑફ ધ ડેક્કન ક્વાર્ટરનેરિયા II, ૧૯૭૬; પા. નં. ૨૪૧-૮૩ કે. ટી. એમ. હેગડે સાથે

૮. ગોદી એ. એસ./આલ્ચીન બી./હેગડે કે. ટી. એમ.—"ધી ફૉર્મર એક્સ્ટેશન ઑફ ધ ગ્રેટ ઈન્ડિયન એન્ડ ડેઝર્ટ"; જ્યોગ્રાફિકલ જર્નલ, ૧૯૭૩

૯. ઉપર્યુક્ત અને ઝુનર અને ઈ; ૧૯૫૦

૧૦. તેરા એચ. ડી. અને વિટર્સન ટી. ટી., સ્ટડીઝ ઈન આઈસ એજ ઇન ઇન્ડિયા એન્ડ એસોશિયેટેડ હ્યુમેન કલ્ચર, વોશિંગ્ટન ડી. સી. ૧૯૩૦ આલ્ચીન એન્ડ આલ્ચીન—ધી રાઈઝ ઑફ સિવિલાઇઝેશન ઇન ઇન્ડિયા એન્ડ પાકિસ્તાનની નોંધ મુજબ)

૧૧. પશ્ચિમ અને ઉત્તર ભારતના કુદરતી માનચિત્રને જોતાં આ સ્પષ્ટ થઈ જશે કે પૂર્વે અરવલ્લી અને પશ્ચિમમાં સુલેમાન પર્વતમાળાએ પૂર્વ પશ્ચિમમાં બે ભીંતો રચી હોય અને પંજાબ તથા સિંધનું મેદાન એક પહોળી ગલી હોય.

૧૨. ઉપર પાદટીપ ૮ મુજબ.

૧૩. પંજાબ વિશ્વવિદ્યાલયના નૃવંશવિજ્ઞાનના પ્રો. એસ. આર. કે. ચોપરા પોતાના અથાગ અભ્યાસ થકી એવા નિર્ણય ઉપર આવ્યા છે કે હિમાલયની શિવાલિક ટેકરીઓમાં માનવે વસવાટ કર્યો હતો અને એમના મતે પિથેકેન્થ્રોપસ ભારતમાંથી દક્ષિણ-પૂર્વ એશિયા બાજુ ગયો હતો. શિવાલિક ટેકરીઓથી મળતી ૩૦ જેટલી હાથીની જાતોના અશ્મિઓ અને એ ઉપરાંત પ્રાચીનતમ સસ્તન પ્રાણીઓનાં આશ્મિઓ; જેમ કે હાયનોડૉન, ડાયનોથેરિઓ, મેસ્ટાડોન, જીરાફ, હિપોપોટેમસ, ગેંડા, ઘોડા, ઊંટ, હરણ, વાનર અને ગેંડાથી મોટું સૂંઢ અને ચાર સીંગડાવાળું શિવાશેરિયમ વગેરે સારી એવી સંખ્યામાં મળ્યાં છે, એ વખતની સમૃદ્ધ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની વિપુલતા માનવ વસવાટ માટે સૌથી ઉત્તમ જગ્યા શિવાલિક હોય એમાં બે મત ન હોય, પરંતુ ત્યાં હજુ સુધી માનવ-અશ્મિ મળેલ ન હોઈ ચોપરાનો વિચાર વજૂદ મેળવવા અશક્તિમાન થઈ જાય છે. શ્રી ચોપરાએ એમનો નિબંધ ૧૯૭૫ માં દિલ્હીની એક કોન્ફરન્સમાં વાંચ્યો હતો. એના આધારે (જુઓ રેસેજ એન્ડ કલ્ચર્સ ઑફ ઇન્ડિયા, મજૂમદાર પી. એન., પૃ. ૨૪, ૧૯૫૮.

૧૪. પુરાતત્ત્વ ખાતુ ગુજરાત રાજ્યના વાર્ષિક અહેવાલો.

૧૫. ઉપર પાદટીપ ૮ મુજબ.

૧૬. નાણાવટી જે. એન., ઈવોલ્યુશન ઑફ અર્લીમેન ઇન કચ્છ આર્ટ, કલ્ચર એન્ડ નેચૂરલ હિસ્ટરી ઑફ કચ્છ, ૧૯૭૬, પા. નં. ૭૮.

૧૭. શ્રી ચિત્તલવાલા, વાય. એમ., 'ગુજરાતમાં પાષાણયુગ', પાના નં. ૭.

For Private and Personal Use Only

૧૮. જૂની દુનિયા એટલે એશિયા યુરોપ અને આફ્રિકાના ખંડો. આ એક સર્વવિદિત તથ્ય છે કે પ્રાચીન માનવ-વસાહતો અહીં જ વિકસી, એશિયાખંડથી અલાસ્કાને રસ્તે લગભગ ૨૦ થી ૧૫ હજાર વરસો પહેલાં જ માનવી નવી દુનિયા બાજુ ગયો હતો. લિન્ટ રાલ્ફ, ટ્રી ઓફ કલ્ચર.

૧૯. ઓલ્ડુવાન ઉત્ખનનના અહેવાલો :

૧. લીકે, એલ. એસ. બી, ઓલ્ડુવાન ગોર્જ (૧૯૫૩), ઓલ્ડુવાન ગોર્ઝ ૧૯૫૧-૧૯૬૧; એ પ્રિલિમિનરી રિપોર્ટ ઓન ધી જિયોલોજી એન્ડ ફોના (૧૯૬૫).

૨. લીકે એમ. ડી., ઓલ્ડુવાન ગોર્ઝ, એસ્કેવેશન ઇન બેડ ૧ અને ૨. ૧૯૬૦-૬૩ (૧૯૭૧) બધા કેંબ્રિજ પ્રકાશન છે.

૨૦. હ્યૂમલે એચ. ઇ. લે પ્રીમિયર ઈન્ડસ્ટ્રી દારમેન એ પ્રોવેન્સ લે પ્રીહિસ્તોરિક કૈચેઇસ (જાયસ્વાલ વિદુલાના આધારે-પેલિયોલિથિક સિવિલાઈઝેશન ઇન ઇન્ડિયા). ૨૧. એજ.

૨૨. આ સ્થળનું પાછળથી બોલ્ટ અને એન્ટોનીએ ઉત્ખનન કર્યું હતું અને એનો સમય એઓ ગુજ. ગ્લેસિયેશન આપે છે. ભટ્ટાચાર્ય ડી. કે. પેલિયોલિથિક યુરોપ (૧૯૭૧).

૨૩. આ હથિયારો સાપુતારા સંગ્રહાલય અને જિલ્લા પંચાયત-આહવા ખાતે સુરક્ષિત છે. એમના વિશે કોપર ડી. એચ. ટ્રાયબેલ આર્ટ ઓફ ડાંગ્ઝ ૧૯૭૧ અને પોતે ચીતલેએ એમના પુસ્તક 'ડાંગ એક સમ્યક્ દર્શન'માં સામાન્ય પરિચય આપ્યો છે. લેખક પોતે ત્યાં ક્યુરેટર રહ્યા હોઈ એક સામાન્ય કેટેલોગ મ્યુઝિયમ ખાતે રાખ્યું છે, પરંતુ આ હથિયારોનો વિશ્લેષણાત્મક અને તુલનાત્મક અભ્યાસ કરવો જરૂરી છે.

૨૪. નાણાવટી, ૧૯૭૬, પા. નં. ૭૮ (ઉપર મુજબ). ૨૫. એજન, પા. નાં ૭૯.

૨૬. પીગોટ, સ્ટુઅર્ટ, પ્રી-હિસ્ટોરિક ઇન્ડિયા, પા. નં. ૩૦.

૨૭. બોર્ડ્સ, એફ, ધ ઓલ્ડ સ્ટોન એજ, ૧૯૬૮, પા. ૪૯.

૨૮. ફોલ્સ અને હિગ્સ, ધ ક્રોનોલોજીકલ ઓફ અર્લીમેન ૧૯૬૯.

૨૯. પુરાતત્ત્વ ખાતાના વાર્ષિક અહેવાલ, ૮૧-૮૨; ૮૩-૮૪. ૩૦. નાણાવટી, ઉપર મુજબ.

૩૧. નેશનલ જ્યોગ્રાફી, ઓક્ટોબર ૧૯૬૧, પા. નં. ૫૬૮.

૩૨. સાંકળિયા એચ. ડી. પ્રીહિસ્ટરી એન્ડ પ્રોટોહિસ્ટરી ઓફ ઇન્ડિયા એન્ડ પાકિસ્તાન, ૧૯૬૨, પા. નં. ૭૧.

ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બેન્ક લિ.

રજિ. ઓફિસ : સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન-જ્યુબિલી બાગ પાસે
૨. પથ્થરગેટ પાસે
૩. ફતેહગંજ ચર્ચ સામે
૪. સરદાર છાત્રાલય-કારેલીબાગ
૫. ગોરવા જકાતનાકા પાસે
૬. આર. વી. દેસાઈ રોડ
૭. ગોત્રી રોડ

દરેક પ્રકારનું બેન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ

પ્રમુખ : ફીકાભાઈ પટેલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"લાંગાં ! દેઅણ અલખ હે, લેઅણદાર અલખ;
માથે તાણે માનવી, ઉઆં હલાવે દખ. 48"

...જાર ઓલ્હુવાન ઉ... ૧. લીકે, એ...જ! આ સંસારમાં સુખ-દુઃખ સંપત્તિ-વિપત્તિ દેવા અને હરવાવાળા એક પરમેશ્વર ...એ વાતનો માનવી વ્યર્થ રીતે 'મેં લીધું'-મેં દીધું' માનીને યશનો ટોપલો પોતાને માથે આ રીતે ત્યાં જ તે દુઃખને દોડાવે છે." (પૃ. 37)

આવાં શુદ્ધ સુભાષિતોનો અહીં સંપાદકોએ ઢગલો કરી આપ્યો છે.

4. ચારણી-સાહિત્યવિમર્શ : લે. અને પ્ર. ડૉ. અંબાદાન રોહડિયા, 4 હરિનગર, યુનિ. રોડ, રાજકોટ–360 005; સિન્ગલ ડેમી 8 પેજી પૃ. 9 + 108; 1992; કિં. રૂ. 40/-

ભાઈશ્રી ડૉ. અંબાદાન રોહડિયાનો આ એક મહત્ત્વનો ગ્રંથ 'ચારણી સાહિત્યવિમર્શ' શીર્ષકથી પ્રસિદ્ધ થયો છે એ આનંદ અને અભિનંદનનો વિષય છે. અમારી જાણમાં અમારા સન્મિત્ર સ્વ. શ્રી ઝવેરચંદ કા. મેઘાણીના 'ચારણો અને ચારણીસાહિત્ય' પછીનો વર્ષો પછી રજૂ થતો આ બીજો ગ્રંથ છે. 8 પ્રકરણોમાં વિભક્ત આ ગ્રંથમાં સત્યના ઉદ્ગાતા ચારણ સર્જકો, ચારણી સાહિત્યમાં વીરાંગનાઓ, ચારણી સાહિત્યમાં મુદ્રાવર્ણન, ચારણીસાહિત્યમાં વીરરસ, ચારણીસાહિત્યમાં શૃંગાર, ચારણી સાહિત્યમાં રામભક્તિ તથા 'જાલંધરપુરાણ' અને 'ભૃંગી પુરાણ'માં રસદર્શન, આપતાં લેખકે એક નોંધપાત્ર લઘુ શોધનિબંધ જ રજૂ કરી આપ્યો છે. પ્રકરણોનાં મથાળાં વાંચતાં જ આપણને લેખકે લીધેલા શ્રમની ઝાંખી થઈ જાય છે. કદી નિત્યની બોલચાલની નહોતી તેવી પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓનાં સ્વાભાવિક શબ્દસ્વરૂપો અને એની છાયામાં નવાં વહેતાં કરેલાં શબ્દસ્વરૂપોથી સમૃદ્ધ ચારણી સાહિત્ય એના સર્જકોની પ્રતિભાને આપણી સામે દોડતી કૂદતી સજીવતાનો ભાસ કરાવતી અનુભવી શકિયે છિયે. અમને અહીં નલચંપૂકારનું એક સુભષિત યાદ આવે છે. "કિં કવેસ્તેન કાવ્યેન, કિં કાંડેન ધનુષ્મતઃ। પરસ્ય હૃદયે લગ્નં ન ઘૂર્ણયતિ યચ્છિરઃ॥ અહીં 'પર' શબ્દમાં શ્લેષાર્થ છે. 'પર = સામેની વ્યક્તિ' 'પર = શત્રુ'. કવિએ કાવ્ય કર્યું તેયે શું અને ધનુર્ધારીએ બાણ છોડયું તોયે શું, જો એ કવિના વિષયમાં શ્રોતાને અને ધનુર્ધારીના વિષયમાં શત્રુને છાતીમાં પેસતાં માથું જો ન ભમાવી દે તો ?" ચારણ કવિઓમાં આપણને આ પ્રતિભાનાં દર્શન થાય છે. ડૉ. રોહડિયાએ આવાં અનેક દૃષ્ટાંતો ઉતારીને આ કવિવર્યોની શક્તિનો ખ્યાલ આપ્યો છે. આ સમુદ્યોગ માટે હાર્દિક અભિનંદન.

–તંત્રી

સુધારો

'એપ્રિલ'ના અંકમાં પા. ૧ થી ૪ ઉપર છપાયેલાં ચિત્રોના નામકરણમાં ભૂલો થયેલી છે; એ નીચે પ્રમાણે સુધારી લેવી :

ચિત્ર ૧ : મીનળવાવનો એક ગવાક્ષ (પા. ૨) ચિત્ર ૨ : મીનળવાવનો એક ગવાક્ષ (પા. ૩)
ચિત્ર ૩ : સંજય હનુ.ની મૂર્તિ (પા. ૪) ચિત્ર ૪ : વીરનાથનું દેરું (પા. ૧)
ચિત્ર ૫ : માનકેશ્વર મહાદેવનું મંદિર (પા. ૪)

મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો., ડૉ. કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬ તા. ૧૫-૫-૧૯૯૩
મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧
પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ–૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only